Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 20 - Issue : 04

January, 2016



## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

- શ્રીમોટા

‘જીવન દર્શન’, ૧૧મી. આ., પૃ. ૪૩૧

(ગઝલ)

જવું જ્યાં હોય વિચરજો અમે બહાલી જ આપી છે,
‘કહીં કહીંની જુદી વાતો પડે સમજણ’ અનુભવ તે !

અમે ક્યાં ક્યાં જઈ વિચર્યા ન ઈચ્છા તેતણી મૂળે,
બધે પ્રસર્યા છતાં કેવા મૂળે કોરા રહેલા છે !

લઈએ સ્વાદ શા નોખા ! અનુભવ પ્રકૃતિકેરા,
વળી જે જે સ્વભાવો તે અનુભવથી જણાયા છે !

બધી દુનિયા અમારી છે, બધે પ્રસરેલ મૂળિયાં છે !
અમારા વિણ અસ્તિત્વ કશે ના કોઈનુંયે છે !

- શ્રીમોટા

‘જીવન અનુભવ ગીત’, પ્ર. આ., પૃ. ૪૧૦



પૂજ્ય શ્રીમોટા સાથે શ્રી મણિભાઈ શાહ અને અ.સૌ. કુસુમબહેન શાહ



હરિ:ૐ

શ્રી મણિભાઈ શાહ ને
સૌ. કુસુમબહેનને
સપ્રેમ —
અનુષ્ટુપ

કેવાં કેવાં મળ્યાં મિત્રો
વર્ણવું શું ગુણ-લીલા,
[illegible]
[illegible]
સંતોષ આપે તેવા
[illegible] !
[illegible]

૨

[illegible]

(પૂજ્ય શ્રીમોટાના હસ્તાક્ષર)

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૦ અંક : ૪ જાન્યુઆરી, ૨૦૧૬

## અનુક્રમ

૧. લોકો ભક્તિમાં કુશળ થાય તો ભૂખે ન મરે ....... શ્રીમોટા ૪
૨. એકાંતનું માહાત્મ્ય .................. સ્વામી પ્રકાશાનંદજી ૫
૩. શરીર અને તાબૂત ................. શ્રીઉપાસની મહારાજ ૭
૪. પુરુષ-જીવને સ્ત્રી-જીવ દોરી રહેલ છે ............ શ્રીમોટા ૮
૫. મંત્રજાપથી મારો રોગ મટ્યો ............. મણિભાઈ શાહ ૯
૬. સમર્થના સથવારે-મૌન નિવેદન ................ મૌનાર્થી ૧૦
૭. પરચૂર શાસ્ત્રીની સેવા બાપુએ કરી હતી ..... પ્રાગજી ડોસા ૧૨
૮. કર્મ અને એના પરિણામ અંગે ................... શ્રીમોટા ૧૫
૯. ધર્મપ્રેમી જનતાને વિનંતી .................. સ્વજન સમૂહ ૧૭
૧૦.બુદ્ધિથી સમજાય નહિ એવી વાત ................ શ્રીમોટા ૧૮
૧૧.વાઈસરૉયની સ્પેશિયલ ટ્રેઈનને અટકાવ્યાનો પ્રસંગ શ્રીમોટા ૧૯
૧૨.માતા અમૃતાનંદમયી : આછેરી જાણકારી ..... એક પત્રિકા ૨૦
૧૩.ઈશુ ખ્રિસ્તનો સંદેશ .............. કિશોરલાલ મશરૂવાળા ૨૨
૧૪.ભગવતીનાં ચાર સ્વરૂપો-(૧) ............... શ્રીઅરવિંદ ૨૩
૧૫.ગયેલા આત્માને : યશવંતભાઈ પટેલ ............ સંપાદક ૨૬

## જ્ઞાનદાન / સહયોગ

'હરિભાવ'ના પ્રકાશનમાં નીચે મુજબ સહયોગ પ્રાપ્ત થયો છે :-

(૧) સદ્‌ગુત લક્ષ્મીપ્રસાદ અમીનની પુણ્યસ્મૃતિમાં હસ્તે મિનેષભાઈ એલ. અમીન પરિવાર, અમદાવાદ

(૨) શ્રીમતી લતાબહેન નરેન્દ્રભાઈ પટેલના જન્મદિન નિમિત્તે, અમેરિકા

(૩) શ્રી ચીમનલાલ બેચરદાસ પટેલ-ગંભીર બીમારીમાંથી પુનઃજીવન પ્રાપ્ત થયા નિમિત્તે, અમદાવાદ

આ સર્વના અમો ખૂબ ખૂબ આભારી છીએ. **– સંપાદક**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - 9427554391

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯
* Subject to Ahmedabad Jurisdiction

## (૧) લોકો ભક્તિમાં કુશળ થાય તો ભૂખે ન મરે

**શ્રીમોટા**

મારા ગુરુ મહારાજે મને કહ્યું હતું કે, 'તું પ્રયોગ વગરની વાત ન કરીશ.' અનુભવ વગરની વાત નકામી. અનુભવનો આનંદ તો છે જ તે હું અને મારો ભગવાન જાણીએ. સમાજમાં ગુણ અને ભાવના જાગે, ધર્મ જાગે, એ માટે જગતમાં ધર્મ છતો થાય તેવાં કામ કરવાં. એવા સંકલ્પ કરવા.

નવા વર્ષના બેસતા દિવસે દર વર્ષે હું ભગવાનને પોકારું કે 'હવે મારે શું કરવું ?' જે સ્ફુરે તે મારું કામ. **કામ ત્રણ પ્રકારનાં હોય. સ્વાર્થ, પરાર્થ અને પરમાર્થ.** બધાં કામ પ્રેમથી થવાં જોઈએ. એમાં આસક્તિ કે મોહ નહિ જોઈએ. મને પહેલેથી જ આસક્તિ કે મોહ નહિ. હું મારી માને ચાહતો, ઘણું ચાહતો તે એટલું કે બધાં મારી મશ્કરી પણ કરે. ઑફિસેથી આવતાં જ સીધો બૂમો પાડતો. મા...મા... કહીને કોઈવાર તો પ્રેમથી ઊંચકી પણ લેતો. મારી બા પણ મને કહેતી કે, 'રોયા ! આટલો મોટો થયો ને આમ બૂમો શું પાડે છે ?' પણ મને શરમ નહિ લાગતી.

હું મારી માને ચાહતો પણ મને રાગ, મોહ કે આસક્તિ નહિ. સ્વાર્થનાં કામ પણ બધાં પ્રભુપ્રીત્યર્થે જ કરતો. સેવાનું કામ પણ પ્રભુપ્રીત્યર્થે જ. તે પણ ગુરુ મહારાજની કૃપાથી જ. દેશપ્રેમને લીધે નહિ. એ કાળ સને ૧૯૨૧થી શરૂ થયો હતો અને તે ૧૯૩૯માં પૂરો થયો.

મને ભગવાનનાં વારે વારે દર્શન થાય છે. એમના દ્વારા મારાં કામ થાય છે. એકવાર એમ થયું કે 'તારે ઘરેણાં માંગવાં.' નંદુભાઈને કહ્યું તો કહે, 'મોટા, રહેવા દો. એમ કાંઈ મંગાય ?' પણ જ્યારે ઉત્સવ થયો ત્યારે ઘણાં ઘરેણાં મળેલાં.

ભગવાન પાછળ ઘેલું લાગવું એ તો સદ્‌ભાગ્ય છે. મારું આવું શરીર છતાં ભગવાનની કૃપા-મદદ ઘણી છે. એટલે એને ધન્યવાદ આપુ છું. ત્યારે એવા ભગવાન માટે છેક કેનેડાથી આવેલા ભાઈ આજે આપણી વચ્ચે છે. (રોબીન) એ ભાઈ કૉલેજમાં ભણેલ છે. એમને માતાપિતા-ભાઈભાંડુ બધાં છે. એમને ઈશ્વરને અનુભવવાની કેટલી બધી ધગશ છે કે એ બધાંને છોડીને અહીં આવ્યા છે. બધાં કહે છે કે પૈસાની વાત ખરી. પૈસાની બધાંને જરૂર પડે, પણ **લોકો ભક્તિમાં કુશળ થાય તો ભૂખે ન મરે !** આજે પણ જુઓ કે ભગવાન પર ભરોસો કરનારને એ બધી રીતે મદદ કરે છે. જો તમારું મન ભાવથી મારામાં જોડાયેલું હશે અને તમે અનન્ય ભાવે **મારું સ્મરણ, ચિંતન કરતા હશો તેમ જ તમે મારા પર જ તમારો બધો આધાર રાખશો તો હું તમારો બધો ભાર મારે માથે લઈ લઈશ.**

ત્યારે એવા ભગવાન માટે છેક કેનેડાથી આ ભાઈ આવ્યા છે. ત્યાં તારે દારૂ અને માંસ ખવાય, પણ એ તો કહે કે, 'હું તો કંઈ કશું લઉં નહિ.' એણે માતાપિતાની પણ ખફગી વહોરી. આધ્યાત્મિક માર્ગે વળવા અમેરિકામાં

**(અનુસંધાન પૃ. ૬ પર)**

## (૨) એકાંતનું માહાત્મ્ય

**સ્વામી પ્રકાશાનંદજી**

જેટલા જેટલા મહાન પુરુષ થઈ ગયા તે બધા એકાંતમાં રહીને જ કાર્યસિદ્ધ થયા. એકાંત સંબંધમાં પારસભાગમાં લખ્યું છે કે એકાંતમાં અનેક ગુણ છે.

ભજન એકાંતમાં થાય છે. ચિત્તની વૃત્તિને ભગવાનમાં લીન કરવી અને સર્વ પદાર્થને વિસ્મરણ કરવા-એ એકાંત વગર બની શકતું નથી, કારણ કે માયાના સર્વ પદાર્થ જીવને બંધન કરવાવાળા છે.

જિજ્ઞાસુની બુદ્ધિ વિશે એવું બળ ભાગ્યે જ હોય કે તે સંસારમાં નિર્લેપ રહી શકે. મહાપુરુષોને આદિ અવસ્થામાં પહાડની ગુફામાં રહેવું પડે છે. જ્યારે પૂર્ણ અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે દેહના વ્યવહાર પૂરતો જ તે જગતમાં દેખાય છે. બાકી ચિત્ત તો ભગવાનમાં જ રહે છે. ભગવાનની પ્રીતિ જગતની પ્રીતિથી સંતને વિરક્ત કરે છે.

એક સંત કહે છે કે હું ત્રીસ વર્ષથી ભગવાન સાથે વાતો કરું છું, પણ જગતના લોકો એમ ધારે છે કે અમારી સાથે બોલે છે. આવી અવસ્થા અસંભવિત નથી, કારણ કે જ્યારે કોઈ પદાર્થમાં અત્યંત પ્રીતિ થાય છે ત્યારે તે જનસમૂહમાં બેઠેલો હોવા છતાં તેનાં વચનો સાંભળતો નથી. તે તેને જોતો પણ હોતો નથી. છતાં એવી અવસ્થાનું અભિમાન કરવું અયોગ્ય છે. કારણ કે ઘણા પુરુષો એવા હોય છે કે, લોકોના મેળાપમાં તેમની બુદ્ધિ બગડે છે.

એક સંતને કોઈએ પૂછ્યું કે, આપ એકલા જ રહો છો ? ત્યારે તેમણે કહ્યું કે, 'હું એકલો નથી. મારા સંગી ભગવાન છે.' બીજા એક સંત કે જે એકાંતવાસી હતા, તેમને પણ એ જ સવાલ પૂછતાં, તેમણે જવાબ આપ્યો કે હું મારા કાર્યમાં એટલો નિમગ્ન છું કે મને કોઈના મેળાપની ઇચ્છા જ સ્ફુરતી નથી. તે કાર્ય શું છે એમ પૂછ્યું ત્યારે એણે જવાબ દીધો કે, 'ક્ષણક્ષણમાં મારા ઉપર ભગવાનના અનેક ઉપકાર થતા રહે છે અને મારાં પાપ થયાં કરે છે, તેની ક્ષમા માગું છું, તેથી કોઈના મેળાપ માટે મને અવકાશ રહેતો નથી.'

એક સંતે કહ્યું છે કે, 'રાત્રિ થાય ત્યારે મને આનંદ થાય છે કે હવે પ્રભાત પર્યંત એકાંતમાં ભગવદ્ ભજનમાં સ્થિત રહેવાશે. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે લોકોનો વિક્ષેપ શરૂ થશે એમ જાણી દિલગીરી થાય છે.'

એક સંત કહે છે કે, 'લોકોની સાથે વાદવિવાદ કરવાની જેની અધિક પ્રીતિ છે તે બુદ્ધિહીન છે. તેનું હૃદય મલિન થાય છે અને આયુષ્ય વ્યર્થ જાય છે.' એક બુદ્ધિમાન કહે છે કે, 'કોઈ મનુષ્યને કંઈ મેળવવાની કે જોવાની ઇચ્છા થાય છે ત્યારે તેના હૃદયમાં આત્મસુખનો કંઈ રસ નથી એમ જાણવું અને તેથી જ તે સ્થૂળ પદાર્થની ઇચ્છા કરે છે. વળી, એમ પણ કહ્યું છે કે 'લોકોના મેળાપમાં જેની પ્રીતિ છે તે અત્યંત નિર્ધન છે.'

આ ઉપરથી સિદ્ધ થાય છે કે, ઉત્તમ ભજન હૃદયનો અભ્યાસ છે, કારણ કે અભ્યાસથી જ ભજનનું રહસ્ય સમજાય છે અને સદ્‌વિચાર તથા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ જ સાધનાનું

મૂળ છે. એ અભ્યાસ એકાંત સિવાય થઈ શકતો નથી.

એકાંતથી ઘણા પાપથી છુટાય છે. લોકોની સંગતિમાં ચાર પાપ અવશ્ય થાય છે અને તેનાથી કોઈ વિરલા જ બચી શકે છે. પ્રથમ પાપ નિંદા છે. તેથી ધર્મ નષ્ટ થાય છે. બીજાં પાપ કોઈનું અપકર્મ જોઈ તેને ઉપદેશ ન કરે તો શાસ્ત્રની આજ્ઞાથી વિમુખ થાય છે અને તેને પાપથી બચાવવા ઉપદેશ કરે તે પણ તે સાંભળવાની તેની ઇચ્છા ન હોય તો તેની સાથે વિરોધ થાય છે. ત્રીજું પાપ દંભ છે. હૃદયમાં પ્રીતિ ન હોય છતાં એ હોવા અંગેનો દંભ કરી બોલવું એ પાપ છે.

જેની સંગતિ કરીએ તેનો સ્વભાવ આપણામાં દૃઢ થાય છે અને તેની આપણને ખબર પણ રહેતી નથી. તેથી તે સ્વભાવ વધતો જાય છે. મહાપુરુષની સોબતથી હૃદય કોમળ થાય છે પણ ભોગીની સોબતથી હૃદયમાં ભોગની રુચિ ઉત્પન્ન થાય છે. કુસંગીની સંગતિનું પરિણામ પણ અયોગ્ય આવ્યા સિવાય રહે નહિ. સાત્ત્વિક મનુષ્યની સંગતિ અત્તરની દુકાન જેવી છે. આવી રીતે જનસમાગમમાં ભય રહેલો છે.

એકાંતનો એક વિશેષ ગુણ એ છે કે સંસારમાં ઈર્ષ્યા, વેરભાવ વગેરે જે વિઘ્નો ઊપજે છે તેનાથી બચી જવાય છે. લોકોની ઉપાધિથી મુક્ત થવાય છે. એકાંતમાં રહેનારથી સર્વ નિરાશ થાય છે અને તે પોતે પણ સર્વથી નિરાશ રહે છે. આશા સર્વ દુઃખનું મૂળ છે. માટે નિરાશ બનવાને એકાંત સ્થાન ઉત્તમ છે. વળી એકાંતના કારણે મૂર્ખ અને પાપીની સંગતિથી મુક્ત રહેવાય છે.

'વાર્તાલાપ', પૃ. ૫૬૪ ❑

**(અનુસંધન પૃ. ૪ નું ચાલું)**

પણ કેટલીયે સંસ્થાઓ છે અને વર્ગો ચાલે છે. યોગના ક્લાસ પણ ભર્યા. આખરે હિંદુસ્તાનમાં આવ્યા. પાંચ વર્ષ કમાવી લેવાનું નક્કી કર્યું. પણ પાછો એમને વિચાર આવ્યો કે 'તારે પૈસા જોઈએ છે કે ભગવાન ? તારે જો ભગવાન જોઈતા હોય હોય તો પછી વાર શા માટે ?' એમની લગની જુઓ. રામનવમીનો ઉત્સવ જોવા એક દિવસ મૌનમાંથી બહાર કાઢીશું. તો કહે 'શા માટે ?' મને તો આ Solitude (એકાંતમાં) જ બહુ આનંદ આવે છે.'

આ સંસારમાં ફીકર, ચિંતા, દુઃખ, શોક, સંતાપ, કલેશ, સંઘર્ષ, તાપ, ઉદ્વેગ, અથડામણો, આધિવ્યાધિ અને ઉપાધિઓ છે. ડૉક્ટરની દવા તો લો છો પણ એ તો શરીરની દવા થઈ. ત્યારે આપણા મનની દવાનું શું? અહીં મંગળવારે હું બે શબ્દો બોલું છે તે મને બોલવાનો અભરખો નથી પણ આ તમે બધાં અહીં (હરિઃૐ આશ્રમ, સુરત) બેઠા છો એટલે મારી વાત તમને સમજાવું છું.

'સ્વજનોને સંબોધન', પ્ર.આ. પૃ. ૨૪ ❑

## સ્પષ્ટતા

ડિસેમ્બર ૨૦૧૫ના 'હરિભાવ'માં હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી મંડળનો અહેવાલ પ્રકાશિત કરાયો છે. તેમાં પૃ. ૧૨ ઉપર કરુણા સેતુ ટ્રસ્ટ, વડનગરને સહાય કરાયાનો ઉલ્લેખ છે તેમાં 'એક સ્વજન બહેન' સુરત નિવાસી છે. ઉપરાંત શ્રી ઝીણાકાકા, પૂજ્ય નંદુભાઈ અને શ્રી ભીખુકાકાના નામનો જે એવૉર્ડનો ઉલ્લેખ છે તે નિર્ણય ટ્રસ્ટી મંડળનો છે. તેટલી સ્પષ્ટતા મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી તરફથી કરાયેલ છે.

**-સંપાદક**

## (૩) શરીર અને તાબૂત

**શ્રીઉપાસની મહારાજ**

શરીર ભાંગીતૂટી ગયેલા ઘર જેવું હોય છે. શરીર તાબૂત જેવું છે. શરીર અને તાબૂતની તુલના બરોબર છે.

તાબૂત, બાંબુ અને બાંબુની પટ્ટીઓથી બાંધવામાં આવે છે. ઘઉંના અથવા ચોખાના લોટની લાહી બનાવવામાં આવે છે. તેમાં દોરા ભીંજવીને તે પટ્ટીઓ બાંધવામાં આવે છે. આપણા શરીરનું પણ તેમ જ છે. શરીરની અંદરનાં હાડકાં તે બાંબુની પટ્ટી જેવાં છે. તે હાડકાંઓને સ્નાયુઓ, નસો ઇત્યાદિ બાંબુને બાંધવાની દોરી જેવાં છે. શરીરમાં હાડકાં તે નસોથી બાંધેલાં છે. લોહી, માંસ એ લાહી પ્રમાણે છે. તે લાહી ઘઉંની કે ચોખાની બનેલી હોય છે. તેવી જ રીતે રક્ત, માંસ પણ તે જ પદાર્થથી બનેલાં છે. એ લોહીમાં સ્નાયુઓ, નસો ભીંજાવીને બાંધેલાં હોય છે.

પટ્ટીઓ અને દોરી દેખાય નહિ માટે તાબૂત ઉપર રદ્દી કાગળ વગેરે ચોંટાડી દેવામાં આવે છે. તેવી જ રીતે હાડકાં અને માંસ દેખાય નહિ માટે શરીર ઉપર ચામડી લગાડી છે. એક ઉપર એક એમ પાંચસાત ચામડીઓ હોય છે. તેવી જ રીતે તાબૂત ઉપર સારા સારા સુશોભિત કાગળો ચોંટાડેલા હોય છે. ઉપર સ્વચ્છ અને સુશોભિત કાગળો લગાડ્યા એટલે તાબૂતનું કામ પૂર્ણ થયું. તેમ આપણા શરીર ઉપર ચામડીઓ હોય છે. સ્વચ્છપણું આવ્યું કે સારું પૉલિશ જેવું થઈ શરીરનું કામ પૂરું થયું.

પણ તાબૂતને સુશોભિતપણું લાવવા માટે જુદા જુદા કાગળ જેને રંગબેરંગી કાગળ કે ઝાલર કાગળ કહે છે તેને કાપીને લગાડી તાબૂતની શોભા વધારે છે. તેવી જ રીતે શરીરરૂપી તાબૂતને સારાં સારાં કપડાં, જરીબુટ્ટી, કિનખાબ ઇત્યાદિ કપડાંઓથી શોભા અપાય છે. નિરનિરાળી ફેશનનાં કપડાં બનાવી, રંગબેરંગની ઝાલર જેવા વાળ કાપી કે પાઘડી પહેરી, સોનાચાંદીના દાગીના પહેરતા હોય છે. આંખો સારી હોય તો પરાણે શોભાયમાન થવા ચશ્માં પહેરતાં હોય છે. એકંદરે તાબૂતની જેવી રીતે શોભા લાવે છે તેવી રીતે આ શરીરરૂપી તાબૂતને શોભાવે છે.

મુસલમાન નિરાકારના ભજક હોવા છતાં તાબૂત કરી તેને પણ ભજે છે. આપણે દેવળો બાંધીએ છીએ. તે પણ બાંધે છે. આપણે અને તેઓએ સાકારનું જ ભજન કરવું પડે છે. મુસલમાન લોકોનો ધર્મ ઘણો સારો હોવા છતાં તે નિરાકારના ભજક હોય છે. તો તેઓ તેમના ધર્મ પ્રમાણે જો પૂર્ણપણે ખરી રીતે વર્તે અને બ્રાહ્મણો પણ સ્વધર્મને અનુસરીને સાકાર સગુણ ઉપાસના જો કરતા રહે તો તે બંને કોમ દ્વારા પોતપોતાની રીત પ્રમાણે જે પુણ્ય સંચય થાય છે, તે પુણ્યની અદલબદલ થઈ, મુસલમાની શરીરમાં રહેલો પુણ્યરૂપ જીવ તે બ્રાહ્મણના શરીર દ્વારા બ્રહ્મરૂપ થઈ જાય છે અને બ્રાહ્મણ શરીરમાંનો જે પુણ્યરૂપ જીવ, તે યવન સાંઈમૌલા દ્વારા નિરાકાર એવી બ્રહ્મરૂપ અવસ્થામાં જાય છે. આગળ બંને એકત્વને પામી અખંડ અદ્વૈત અવસ્થાની પેલે પાર પહોંચી જાય છે.

જે જે ધર્મના જે જે કોઈ હશે તે તે તેના તેના ધર્મ પ્રમાણે જો વર્તતા જ રહેશે તો તે જ તેનો ધર્મ તેને ઉપર ને ઉપરની પાયરીમાં જન્મ આપતો રહેશે અને આખરે તેના યોગે ઉપર ચઢતાં ચઢતાં કોઈને પણ બ્રહ્મરૂપ થઈ ખરા આનંદનો લાભ મળે છે. આ ઉપરથી શું થયું કે **પોતપોતાના લાભ માટે પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવાની જરૂર છે.**

'શ્રીઉપાસની વાક્સુધા', ભાગ-૧, પ્ર.આ., પૃ. ૮૯ ❑

## (૪) પુરુષ-જીવને સ્ત્રી-જીવ દોરી રહેલ છે

**શ્રીમોટા**

હિંદુ ધર્મની યુગ્મભાવના હિંદુ સમાજ ભાગ્યે જ સમજી શક્યો હશે. બે જીવોનું જોડાણ અહેતુકપણે કદી પણ થવું શક્ય નથી. તે બે જીવોનો સંબંધ અનેક જન્મજન્માંતરોમાં કોઈ ને કોઈ રીતે ચાલુ રહ્યા કરેલો જ હોય છે અને એવા સંબંધોમાં જેટલી હૃદયની નિકટતા શુદ્ધ ભાવનાથી કેળવાતી જાય તેટલા પ્રમાણમાં બંનેનો સંબંધ પણ વિશુદ્ધ થતો જવાનો.

એક વખત લગ્નથી જોડાયેલા બે જીવોનો સંબંધ કદી પણ છૂટી શકતો હોતો નથી. તે સંબંધ કોઈ ને કોઈ રૂપે એકબીજા સાથે રહ્યા જ કરે છે, તે લગ્નસંબંધ પણ તે તે જીવ સાથેની તેટલા પ્રમાણની કોઈ ને કોઈ આમ કે તેમ અથડામણનું જ પરિણામ હોય છે. જીવન આદર્શની સિદ્ધિ માટે યુગ્મભાવના એ જરૂરી ભાવના છે. એ ભાવનામાં સમાજનો અને વ્યક્તિનો બંનેનો વિકાસ થવાનું સર્જાયેલું છે. એ તો તપશ્ચર્યા માટે છે. સમાજનું, દેશનું, પિતૃઓનું, ઋષિઓનું અને દેવનું ઋણ અદા કરવા માટે એ ભવ્ય, દિવ્ય સાધન છે.

બે જીવોનાં લગ્નસંબંધથી આપણે સમાજના જીવન સાથે ભાગ લઈ રહેલાં છીએ. આદર્શ, સુખી જોડું જગતમાં કેટલાંયને સુખપ્રદ, આનંદપ્રેરક બન્યા કરતું હોય છે. **પોતાની સાથે જોડાયેલા જીવની અવગણના જે કોઈ જીવ કરે છે, તે સમાજની પણ અવગણના જ કરી રહેલો છે. એવાં જીવોનાં લાખ્ખોનાં દાનધર્માદા વૃથા છે.**

લગ્નની ઉત્તમ ભાવના પાછળ તો કર્મસંબંધની શક્તિ રહેલી જ છે. પ્રત્યેક જીવમાં શિવ થવાપણાની શક્તિ રહેલી જ છે. પ્રત્યેક જીવ શિવ થઈ શકે છે એવો દૃઢ આત્મવિશ્વાસ આપણામાં જાગવા દો. કોઈ જીવ શિવ ક્યારે થઈ શકશે તેના સમયની મર્યાદા ન આંકી શકાય. એની અવધિની કોને ખબર છે ? અજામિલ, ગીધ, વ્યાઘ્ર, સુરદાસ (બિલ્વમંગલ) વગેરેની દેખીતી પ્રકૃતિની પાછળ કોઈ ગૂઢ અગમ્ય દૈવી સંસ્કારો રહેલા હતા જ.

જે બે જીવો જે આ જન્મમાં લગ્નરૂપે (સંબંધથી) સંકળાયેલા છે, તે બે જીવો જે આ જન્મમાં હૃદયની ભાવનાથી શુદ્ધ સાત્ત્વિકતા કેળવીને એકરૂપ થયા કરશે તો તેવા જીવો લગ્નભાવે એક જ થયાં જવાનાં છે. લગ્નથી જોડાયેલા જીવ સાથે હૃદયથી હમદર્દી, સહાનુભૂતિ, પ્રેમભાવના અને તટસ્થતાપૂર્વક રસ લેવો તે તો ત્યારે જ બનશે કે જ્યારે પેલો બીજો જીવ એવું ઉન્નતગામી જીવન જીવતો હશે.

**જાણ્યેઅજાણ્યે પુરુષ-જીવને સ્ત્રી-જીવ જ દોરી રહેલો હોય છે,** પણ એનું જીવતુંજાગતું ભાન પુરુષ- જીવને હોતું નથી. પુરુષ-જીવ એમ માને છે કે પોતે જ બધું ચલાવી રહ્યો હોય છે. કિંતુ ગમે તે કોઈ પુરુષ-જીવનું જીવતું દૃષ્ટાંત નજર સામે લાવી જુઓ. કાં તો તે માતાની દોરવણીથી ચાલતો હશે કે કાં તો બહેનની દોરવણીથી કે કાં તો પત્નીની કે કોઈ ઉપપત્નીની કે કોઈ એવી બીજી સ્ત્રી-જીવની દોરવણીથી. પુરુષ-જીવના જીવનમાં સ્ત્રી-જીવ મહત્ત્વનો ભાગ ભજવે છે અને એમાં પુરુષ અને સ્ત્રી એવા બે જીવોના સંબંધથી જ સમગ્ર જીવન ઘડાતું હોય છે. તેવી રીતે પ્રત્યેક સ્ત્રી-જીવના જીવનમાં પણ કોઈ ને કોઈક પુરુષ-જીવની પ્રતિભા કે છાયા કામ કરી રહેલી હોય છે જ.

'જીવનસંદેશ', બી.આ., પૃ. ૬૪ ❑

## (૫) મંત્રજાપથી મારો રોગ મટ્યો

મણિલાલ શાહ

*(પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો સદ્ગતશ્રી મણિભાઈ શાહના નામથી વાકેફ હોવાની સંભાવના છે. પૂજ્ય શ્રીમોટાના દેહાંત પહેલાં જે સ્વજનો તેઓશ્રી સમક્ષ વારંવાર જતા તેમાં મણિભાઈ શાહનો સમાવેશ થતો હતો. તેઓ ગુજરાત રાજ્ય સરકારમાં છેલ્લે માહિતી નિયામકના ઉચ્ચ હોદ્દા ઉપરથી નિવૃત્ત થયા હતા. તેઓએ જે સંસ્મરણો આલેખ્યાં છે તેની પ્રથમ આવૃત્તિ સને ૧૯૯૫માં **'હું પોતે'**ના ટાઈટલથી પ્રકાશિત થયેલી. તેમાંથી આ પ્રસંગ લેવાયો છે.-**સંપાદક**)*

સન ૧૯૩૧માં ઈન્ટર આર્ટ્સમાં હું ભણતો હતો ત્યારે ગંભીર માંદગીમાં પટકાયો. સંગ્રહણીનો રોગ ત્યારે અસાધ્ય મનાતો. હાલત કથળતી ચાલી. ડૉક્ટરોની કોઈ દવા કારગત નીવડે નહિ. અમદાવાદમાં માણસાવાળા વૈદ્ય આ રોગના નિષ્ણાત મનાતા. તેઓ એવી જાહેરાત કરતા કે રોગ ન મટે તો દવાના નાણાં પાછાં. પોતાની દવામાં તેમની એટલી શ્રદ્ધા.

મારા પિતાશ્રીએ આ માણસાવાળા વૈદ્યની દવા શરૂ કરી. પરેજી પણ સખત. દૂધ અને ફળ સિવાય કશું જ લેવાનું નહિ. નહાવાનું પણ બંધ. આવી સારવાર લેવા છતાં મારી તબિયત ન સુધરી, એટલે ફરીથી અમદાવાદ જઈને વૈદ્યને મળવાનું મારા પિતાશ્રીએ વિચાર્યું, પણ ત્યાં જવા જેટલા પૈસાની સગવડ ન હતી. મારી બાએ કહ્યું કે મારાં ઘરેણાં વેચીને પણ અમદાવાદ જાવ. વૈદ્ય રસિકલાલ પટેલે કહ્યું કે આ છોકરાના મન પર વિચારોનો ભાર છે. તે ઓછો નહિ થાય ત્યાં સુધી દવા અસર નહિ કરે. અમે અમારા વતન વણાકપુર પરત આવ્યા. (તે વખતના રાજપીપળા રાજ્યનું ભરૂચ તાલુકાના ભાલોદ ગામથી લગભગ દોઢેક માઈલ દૂર વણાકપુર ગામ હતું.)

મારા મન પર કયા વિચારોનો ભાર હતો એની કોઈને ખબર નહોતી. એ મૂંગા પ્રેમના વિચારોનો ભાર હતો જેમાંથી હું કોઈ રસ્તો શોધી શકતો ન હતો. એ વિચારોની મૂંઝવણે જ મારી માંદગી આણી હતી.

ગામના એક નાના વૈષ્ણવ મંદિરના પૂજારી વિદ્વાન હતા. તેમણે વૈષ્ણવોનો શ્રેષ્ઠ મંત્ર **'ઓમ નમો ભગવતે વાસુદેવાય'**નો જપ કરવા સલાહ આપી. દિવસભર આ મંત્રનો જાપ ચાલે. ચમત્કાર થયો. ત્રણ મહિનામાં મને નવું જીવન મળ્યું. પેલા માણસાવાળા વૈદ્ય પણ મને ઓળખી ન શક્યા તેટલો ફેરફાર શરીરના સ્વાસ્થ્યમાં થયો. તેની સાથે માનસિક શુદ્ધિ પણ થઈ. મારા જીવનમાં આધ્યાત્મિકતા વધતી ચાલી. ઈશ્વરમાં શ્રદ્ધા દૃઢ બની. આ શ્રદ્ધા મારા જીવનમાં કાયમ વણાયેલી રહી અને મારા પુરુષાર્થ સાથે ઈશ્વરકૃપાનો સાથ પણ મળ્યો અને આમ થાય તો જ મનુષ્ય કંઈક પામી શકે તેવી માન્યતા હું સેવતો થયો.

રોગમુક્ત બની સાજા થઈ મેં વડોદરા જઈ કૉલેજનો અભ્યાસ જારી રાખ્યો. ❑

*(પૂજ્ય શ્રીમોટાએ શ્રી મણિભાઈ શાહ અને એમનાં ધર્મપત્ની સૌ. કુસુમબહેનને આપેલી અંજલિ આ અંકના ટાઈટલ પેજ ઉપર છે.)*

## (૬) સમર્થના સથવારે (મૌન નિવેદન)

**(૧) રાઠોડ કૈલાસબહેન ભુરાભાઈ (ઉ.વ.૨૬)**

હું જ્યારે મૌનરૂમમાં દાખલ થઈ ત્યારે મારા મનમાં સહેજ પણ ડર ન હતો. હું તો અંદરથી બહુ ખુશ હતી. પણ જેવો મૌનરૂમનો દરવાજો બહારથી બંધ કરાયો ત્યાં જ મને પુસ્તકોના કબાટ ઉપર ગરોળી જોવા મળી. મને ગરોળીથી બહુ ડર લાગે છે. ગરોળી જોવાથી મારા શરીરમાં ધ્રુજારી ચાલુ થઈ ગઈ અને પરસેવો પણ બહુ છૂટવા લાગ્યો. હવે શું કરવું એની કાંઈ સમજણ મને પડતી નહોતી.

હું ડરતી ડરતી મૌનરૂમમાંના હિંચકા ઉપર બેસી ગઈ અને મોટા મોટા હિંચકા ખાવાના ચાલુ કર્યા અને હરિઃૐ બોલવા લાગી. આવું મેં પાંચ-દસ મિનિટ કર્યું હશે. પછી ફરીથી મેં કબાટ ઉપર જોયું તો ત્યાં ગરોળી નહોતી. મનમાં તો ડર હતો જ એટલે એમ હતું કે એ ગરોળી એટલામાં જ હશે પણ મારું મૌન સપ્તાહ પૂર્ણ થયું ત્યાં સુધી મને ગરોળી બીજીવાર જોવા મળી નથી. તે ક્યાં ગઈ હશે ?

બીજે દિવસે સોમવાર હતો. મારે માટે એ ઉપવાસનો દિવસ હતો. ખાલી પાણી ઉપર ઉપવાસ કરેલો હતો. એ દિવસે મને મૌનરૂમમાં ગરમી બહુ લાગતી હતી. આખા શરીરે બહુ ખુજલી આવતી હતી. એવી ખુજલી આવે કે ન પૂછો વાત. જેમ આપણને લાલ કીડીઓ કરડે અને જેવું થાય એવું થતું હતું. મને એમ થયું કે મારા કપડાંમાં કીડીઓ ચડી ગઈ છે. એટલે મેં મારી રીતે બધા જ ઉપાય કરી લીધા પણ મને શાંતિ ના મળી. મને જરા પણ ચેન પડતું નહોતું. ના સુવાય ના બેસાય કે ના હિંચકા ઉપર ઝુલાય. હિંચકા ખાઉં તો માથું દુઃખે અને એમ થાય કે હમણાં વૉમીટ થઈ જશે. આખા રૂમમાં ધીમે ધીમે ચાલવા લાગી. ચાલતાં ચાલતાં મેં લાયબ્રેરીનો કબાટ ખોલ્યો. કબાટમાં તો એટલી બધી બુક કે કઈ વાંચવી એની ખબર ન પડે. એટલે મેં, એમ જ એક બુક હાથમાં લીધી અને કબાટની બાજુમાં બેસી ગઈ બુકનું નામ હતું. 'શ્રીમોટાના પત્રો.'

આ બુકમાં બંસીભાઈ-વિદ્યાબહેન સાથેના વાર્તાલાપ લખાયેલ હતો. આ બુક વાંચવા માંડી ત્યારે વાંચવામાં એટલી તલ્લીન થઈ ગઈ-ખોવાઈ ગઈ કે મારી ખુજલી અને ગરમી બધું ક્યાં જતું રહ્યું એની ખબર જ ન પડી. આ વાર્તાલાપમાં શ્રી બંસીભાઈને શ્રીમોટા સમજાવે છે કે ઘરમાં મૌનમાં કેમ બેસવું. તે બહુ સારી રીતે સમજાવ્યું છે. મૌનની વાત શ્રીમોટાએ સમજાવી એ વાંચતાં મારા આખા બૉડીમાંથી બધું દર્દ ક્યારે અને ક્યાં જતું રહ્યું એની સમજ જ ના પડી. તે પછી મૌનની પૂર્ણાહુતિના દિવસો સુધી એક પણ દિવસ ખુજલી આવી નથી. શ્રીમોટાને મારા પ્રણામ.

**(૨) વિઠ્ઠલભાઈ રામજીભાઈ પટેલ (ઉ.વ.૫૫)**

મૌનનો આ મારો પહેલો અનુભવ છે અને તે પણ ત્રણ દિવસનો જ. તટસ્થ ભાવે લખી

શકું કે એકલા રહેવાનો-એકાંત શું કહેવાય એની ફિલીંગ અનુભવી શકું છું. આ જગ્યાની વિશેષતા કહો કે જે કહો તે પણ કંટાળો કે નિરુત્સાહિતપણું ક્યારેય જણાયું નથી અને ગાઢ નિંદરથી મુક્ત રહેવાયું છે. આમાં કઈ શક્તિ કામ કરે છે તે ખબર નથી. સામાન્ય રીતે હાલવા ચાલવાનું ને બોલવાનું ઓછું હોય એટલે ભૂખ ઓછી લાગતી હતી. દિવસ કે રાત ક્યાં ને કેમ પસાર થતા હતા તેની ખબર પડી નથી.

ભક્તિ કરવામાં એક પ્રકારનું બળ મળતું તેમ મને જણાતું હતું. શરીરમાં ઘણા પ્રકારની ફિલીંગ થતી હતી પણ શું હતું તેની ખબર પડી નથી. પણ હૃદયથી એક વાત નક્કી છે કે હાલના રઘવાટિયા જીવનમાં એકાંત માણવા માટે આ જગ્યા નિમિત્ત રૂપે બહુ સરસ છે અને સેવકોની સમયસરની સેવા માટે તો હૃદયથી કોટી કોટી નમસ્કાર.

પરમાત્માને રસ્તે ચાલનારા સૌ કોઈ સાધક ભાઈઓએ લાભ લેવા જેવો ખરો. એ માટે કેટલું લખી કે બોલી શકાય ? લાભ લીધા પછી જ વાસ્તવિકતા શું છે તે સમજી શકાય. આ હૃદયગત રસ્તો છે. બુદ્ધિનું આમાં બહુ ન ચાલે. ભાવના નામનું હથિયાર છે.

આપણા પ્રાપ્ત મન, વચન, કાયાથી આ જગતના કોઈ પણ જીવને કિંચિતમાત્ર દુઃખ ન હો, ન હો, ન હો !

**(૩) રેખાબહેન નીતિનભાઈ પટેલ (ઉં.વ.૬૪)**

દરેક કામ માટે સમય નિશ્ચિત હોય છે. છેલ્લાં ૪૦ વર્ષથી સુરતની ભૂમિ પર રહેતી હોવા છતાં અત્યારે મૌનમાં આવવાનો સમય આવ્યો. ઘરેથી નીકળતી વખતે ઘણા વિચારો ચાલતા હતા કે ત્યાં એકલા કેવી રીતે રહેવાશે ? પણ સાતમો દિવસ પૂરો થવાની ખબર પણ ન પડી. અહીંનો, કાર્યક્રમ ખૂબ જ સરસ રીતે ગોઠવાયેલો છે. તેમાં અમારો કાર્યક્રમ પણ સરસ રીતે ગોઠવાઈ ગયો.

ધ્યાન, મૌન વગેરેથી કોઈ ખાસ અનુભવ તો નથી થયો પણ હા, શાંતિ ખૂબ જ મળી. મોટા વિશે મને કોઈ પણ જાણ નહોતી. તેથી તેમના વિશે વાંચવાની ખૂબ જ ઈચ્છા હતી, તે અહીં મૌનરૂમમાંના પુસ્તકાલયમાંથી 'ભગતમાં ભગવાન' પુસ્તક વાંચી લીધું. ઘણો આનંદ થયો, કારણ કે મારા જન્મથી પરણીને સાસરે આવી ત્યાં સુધી ૨૫ વર્ષ ગૂજરાત વિદ્યાપીઠમાં રહેવાનું થયેલું. ભણેલી પણ ત્યાં જ.

પૂજ્ય શ્રીમોટાએ હરિજનો માટે આવી બધી સેવા કરી અને આટલી બધી સિદ્ધિ મેળવી અને આપણા જેવા માટે ભગવાનનું નામ લેવાને માટે મૌનરૂમ તૈયાર કર્યા. આ આશ્રમમાં આવીને માનસિક ઘણી શાંતિ મળી અને થયું કે હવે દર વર્ષે એક વખત સંજોગો આવે તો મૌનમાં બેસવા આવવું. અહીંના સેવકભાઈઓની સેવા માટે શબ્દો નથી, અહીં સફાઈ પણ ખૂબ જ જળવાય છે.

❑

## (૭) પરચૂરે શાસ્ત્રીની સેવા બાપુએ કરી હતી

પ્રાગજી ડોસા

દક્ષિણ આફ્રિકામાં જ્યારે બાપુએ સત્યાગ્રહની લડત શરૂ કરી અને નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની સ્થાપના માટે સભા ભરી હતી ત્યારે તેમણે જોયું કે કેટલાક ભાઈઓ સભામાં ન આવતાં દૂર એક ઝાડ નીચે ઊભા રહી એમને સાંભળી રહ્યા હતા. બોલાવવા છતાં તેઓ સભામાં ન ગયા, તો બાપુ એમની તરફ જવા લાગ્યા. તરત જ એમાંનો એક બોલી ઊઠ્યો, 'અમારી પાસે ન આવશો. અને રગતપિત્તિયા છીએ. તેમ છતાં બાપુ એમની પાસે ગયા.'

બાપુએ જોયું તો કોઈના હાથપગનાં આંગળાં ખવાઈ ગયાં હતાં. કોઈના વાળ ખરી ગયા હતા. બાપુએ પૂછ્યું, 'શો ઈલાજ કરો છો ?' તેમણે કહ્યું, 'કોઈ દાક્તર અમારી દવા કરવા તૈયાર નથી. અમે માત્ર લીમડાનો રસ પીવાનું રાખ્યું છે.' 'તેથી કંઈ ફાયદો થયો છે ?' બાપુએ પૂછ્યું. 'કંઈ જ નહિ. અમે ટીપે ટીપે મરી રહ્યા છીએ.'

ગાંધીબાપુએ તે જ વખતે નિશ્ચય કર્યો કે આ રોગ સામે પણ મારે લડત ઉપાડવી જોઈએ. એમણે આ લોકોને પોતાના નિવાસે બોલાવ્યા. દિવસે જવાની તો કોઈની હિંમત ચાલી નહિ. રાતે બારણે ટકોરા પડતાં બાપુએ બારણું ઉઘાડતાં એક કુષ્ટરોગી ઊભો હતો. બાપુ એની બાંય ઝાલી અંદર લાવ્યા. એના હાથ ધોઈ પાટા બાંધ્યા. પછી ખાવાનું આપ્યું. એમની પરિસ્થિતિ જાણી. વરસાદના દિવસોમાં જ નહાવાનું મળે, આઠ મહિના મેલા ગંદા શરીરે દૂર એક ખંડેરમાં બધા પડ્યા રહે.

પેલા કુષ્ટરોગીએ જવાની રજા માગી. બાપુએ કહ્યું, 'તારે મારી સાથે જ રહેવાનું છે, હું તારી શુશ્રૂષા કરીશ.' આ સાંભળી પેલો ગાંધીના પગમાં પડ્યો અને બોલ્યો, 'મેં ભગવાન જોયા નથી પણ મને તમારામાં ભગવાન દેખાય છે.' બાપુએ એની સેવા કરી. બીજા રોગીઓને પણ સ્વચ્છ રહેવા અને રોજ નાહવાની સલાહ આપી. દવા પણ અપાવી.

ગાંધીજી હિંદ પાછા ફર્યા ત્યારે સને ૧૯૩૨માં સત્યાગ્રહને કારણે બાપુની તથા અન્ય નેતાઓની ધરપકડ થઈ ત્યારે બાપુને યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા. બાપુએ જેલના ભંડારીને પૂછ્યું કે મારી સાથે પરચૂરે શાસ્ત્રી હતા તેમને ક્યાં રાખવામાં આવ્યા છે ? જવાબ મળ્યો કે એમને કુષ્ઠરોગ છે એટલે બહુ દૂરની જેલમાં રાખવામાં આવ્યા છે.

આ સાંભળી ગાંધીજીને આઘાત લાગ્યો. શાસ્ત્રીજી મહાવિદ્વાન અને વેદોના જ્ઞાતા હતા. એમને રૂબરૂ મળવા જવાની ગાંધીજીની ઇચ્છા હતી પણ ભંડારીએ રજા ન આપી. 'તમારી પર રાજદ્રોહનો આરોપ છે, રજા માગશો તો પણ નહિ મળે.' છેવટે બાપુએ પરચૂરે શાસ્ત્રીને પત્ર લખી હિંમત ન હારવા જણાવ્યું અને બીજી કંઈ ઇચ્છા હોય તો પત્રથી જણાવશો એમ લખ્યું.

જવાબમાં શાસ્ત્રીનો પત્ર મળ્યો. તેમાં લખ્યું હતું કે મારા શરીરને ઊધઈ કોરી રહી છે ને એક દિવસ આતમપંખી ઊડી જશે. આપના જેવું આત્મબળ મારામાં ક્યાંથી હોય ? હું મનથી નિર્બળ બની ગયો છું. મારા ઘા સાફ કરવા રૂની પૂણીઓ મને મળે તેવો બંદોબસ્ત કરી શકતા હો તો કરશો અને આત્મચિંતન માટે યોગવસિષ્ઠ કે યાજ્ઞવલ્કય-સ્મૃતિ મળે તો ઠીક.

બાપુએ મહાદેવ દેસાઈ મારફત વ્યવસ્થા કરી અને સંદેશો મોકલ્યો. 'તમે તો વેદ વિશારદ છો. જ્ઞાની છો.રોગ શરીરને થાય છે. તમે શરીર નહિ, ચૈતન્ય છો. એ ચેતનાને જાગ્રત કરો. અવશ્ય સારું થઈ જશે. સાચા પુરુષાર્થથી સંસારની કોઈ વસ્તુ અપ્રાપ્ય નથી.'

બાપુના પત્રે સંજીવનીનું કામ કર્યું. શાસ્ત્રીમાં શ્રદ્ધા પ્રકટી. તેમનાં પત્ની જેલમાં મળવા આવ્યાં ત્યારે શાસ્ત્રીજીને ખુશ મિજાજમાં જોઈ નવાઈ પામ્યાં. શાસ્ત્રીએ સ્પષ્ટતા કરી કે ગુરુદેવ ગાંધી ભેટી ગયા એટલે ભય થા સો ટલ ગયા.

તે પછી સમાચાર આવ્યા કે જેલમાં બાપુ ઉપવાસ પર ઊતર્યા છે. સરકારે સમાધાન કર્યું ત્યારે પારણાં કરાવવા માટે સૌની અજાયબી વચ્ચે બાપુએ પુરચૂરે શાસ્ત્રીનું નામ ઉચ્ચાર્યું. શાસ્ત્રીજી બાપુ પાસે આવ્યા અને મંત્ર ઉચ્ચાર્યો. મનઃપૂતં સમાચરેત્ ! અર્થાત્ જે કંઈ કર્મ કરવું હોય તે મનમાં પવિત્ર ભાવના રાખીને કરવું.

એક હાથે બાપુનું મસ્તક ઊંચું કરી બીજે હાથે શાસ્ત્રીજીએ સંતરાનો રસ પિવડાવ્યો. સરકારે બધા રાજદ્વારી કેદીઓને છોડી મુકતાં શાસ્ત્રીજીએ પત્ની સાથે હરદ્વારમાં નિવાસ કર્યો. પોતે જ પોતાના કપડાં ધોઈ નાખતા. બીમારીના કારણે પત્નીએ પોતાના દેહાંતનો અણસાર આવતાં શાસ્ત્રી પાસેથી વચન લીધું કે પોતાના અવસાન બાદ તેઓએ ગાંધીજી પાસે જતું રહેવું. પત્નીના અગ્નિસંસ્કાર કરી શાસ્ત્રીજીએ સેવાગ્રામ આશ્રમની વાટ પકડી.

ગાંધીજીએ શાસ્ત્રીને કહ્યું કે પહેલાં જાણ કરી હોત તો આશ્રમવાસીઓને તેમના સ્વીકાર માટે માનસિક રીતે તૈયાર કરત. શાસ્ત્રીજીએ તો દૂર એક લીમડા નીચે રહેવાની ઈચ્છા જણાવી. ધોતી-બંડી મંગાવી શાસ્ત્રીજીને આપ્યાં. ઉપરાંત ડૉ. જીવરાજ મહેતાએ કુષ્ઠરોગ માટે બનાવેલ અકસીર દવા મંગાવી સારવાર ચાલુ કરાવી. તે પછી પ્રાર્થના બાદ આશ્રમવાસીઓને સંબોધન કરતાં તેઓએ કહ્યું કે આશ્રમમાં હરિજન-કુટુંબ આવ્યું તેનો તમે સ્વીકાર કર્યો છે. આજે એક નવી વિચારધારા તમારી સમક્ષ મૂકું છું. ઘરને ઊધઈ લાગે તો તમે ઊધઈને દૂર કરવા પ્રયાસ કરશો કે ઘરને તોડી પાડશો ? વેદશાસ્ત્ર સંપન્ન મહાપંડિત પરચૂરે શાસ્ત્રી આપણે શરણે આવ્યા છે એમને કુષ્ઠરોગ થયો છે તમે તેમને આશરો આપશો ?

પ્રાર્થનાસભામાં થોડી ક્ષણ સન્નાટો છવાઈ ગયો. બાપુ સમજી ગયા. તેઓ બોલ્યા, 'તમારું અંતર સાક્ષી પૂરે તો જ હા પાડશો. મારા શબ્દોમાં તમને વિશ્વાસ હોય તો કહું છું કે એમના રોગનો જે પ્રકાર છે તે ચેપી નથી.' બાપુનું વચન એટલે બ્રહ્મવાક્ય. બધાએ હા પાડી.

દક્ષિણના એક યુવક વેલાયુધનને શાસ્ત્રીની

સેવામાં મૂકવામાં આવ્યા. ગાંધીજીએ જ્યારે જાણ્યું કે શાસ્ત્રી દૂર એક લીમડાના ઝાડ નીચે રહે છે ત્યારે તેમને ખૂબ દુઃખ થયું. પોતાના નિવાસની બાજુની ઓરડી ખોલાવી શાસ્ત્રીને ત્યાં ઉતારો આપ્યો.

સને ૧૯૪૨ સુધી શાસ્ત્રીજી આશ્રમમાં રહ્યા. હિંદ છોડોની હાકલ થતાં બધાંની ધરપકડ થઈ એટલે શાસ્ત્રી દત્તપુર લેપ્રસી હોમમાં ચાલ્યા ગયા. જ્યારે એમને લાગ્યું કે હવે અંતકાળ નજીક છે ત્યારે તેમણે ગાંધીજીને પત્ર લખી છેલ્લા દર્શનની ઈચ્છા જણાવી. મહાદેવ દેસાઈ સાથે બાપુ ત્યાં ગયા. શાસ્ત્રીજીએ કહ્યું, 'બાપુ આપે મારો અંતકાળ સુધાર્યો.'

'શાશ્વત ગાંધી', નવેમ્બર, ૨૦૧૫માંથી સાભાર ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સદ્‌ગત શ્રી લક્ષ્મીપ્રસાદ અમીનની પુણ્યસ્મૃતિમાં હસ્તે મનીષ એલ. અમીન પરિવાર | અમદાવાદ | ૧૫,૦૦૦/- |
| ૨. | નરેન્દ્રભાઈ કુબેરદાસ પટેલના ધર્મપત્ની લતાબહેનના જન્મદિન નિમિત્તે | અમેરિકા | ૧૨,૫૦૦/- |
| ૩. | ચીમનલાલ બેચરદાસ પટેલ ગંભીર બીમારી બાદ પુનઃજીવન નિમિત્તે | રાણીપ-અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૪. | મહેશભાઈ કાંતિભાઈ પટેલ જપયજ્ઞ નિમિત્તે | સુરત | ૫,૦૦૦/- |
| ૫. | જયેશ માસ્તર | જયપુર | ૫,૦૦૦/- |
| ૬. | એક સ્વજન | નરોડા | ૧૧,૦૦/- |
| ૭. | જયનિકા પ્રતાપસિંહ મહીડા-બંધુ રવિરાજસિંહ ધર્મેન્દ્રસિંહ પરમારના દુઃખદ દેહાંત નિમિત્તે | ભરૂચ | ૧,૦૦૧/- |
| ૮. | કાંતિલાલ શંકરલાલ શાહ | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૯. | જનાર્દન બી. ભટ્ટ-જમાઈ જયેશકુમારની પ્રથમ પુણ્યતિથિ(૯-૧૨) નિમિત્તે | ગાંધીનગર | ૧,૦૦૦/- |
| ૧૦. | ઉષાબહેન જવાહર ગાંધી | વલસાડ | ૧,૦૦૦/- |
| ૧૧. | ધર્મિષ્ઠાબહેન શરદકુમાર ડૉક્ટર | સુરત | ૧,૦૦૦/- |
| ૧૨. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૩. | શાંતિભાઈ નરસિંહભાઈ પટેલ (જન્મદિન) નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૪. | જ્યોતિન્દ્ર જે. મહેતા પુત્રવધૂ ખ્યાતી રોનક મહેતાના જન્મ દિન (૧-૧) નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૫. | વિજયભાઈ બાબુભાઈ પટેલ-સદ્‌ગત નર્મદાબહેન શંકરભાઈ પટેલની સ્મૃતિમાં | સુરત | ૫૦૧/- |
| ૧૬. | વિજયભાઈ બાબુભાઈ પટેલ-શ્રી મિતેશભાઈના પરદેશગમન નિમિત્તે | સુરત | ૫૦૧/- |
| ૧૭. | પ્રતાપભાઈ વ્યાસ | રાજકોટ | ૨૫૧/- |
| ૧૮. | દીપ દિનેશકુમાર પટેલ | અમદાવાદ | ૨૦૧/- |
| ૧૯. | એક મહાત્મા | અમદાવાદ | ૨૦૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ................................... -સંપાદક**

# (૮) કર્મ અને એના પરિણામ અંગે

આપણા આ પંડિતો, વિદ્વાનો, બધા સાધુ-મહાત્માઓ મારી સમજણ પ્રમાણે કર્મને ખોટી રીતે સમજ્યા છે. કર્મથી પાપ અને પુણ્ય છે, તે પણ મને સાચું લાગતું નથી. આ વાત હું સિન્સીઅર્લી-નિષ્ઠાપૂર્વક કહું છું.

જ્યારે કર્મ થઈ રહ્યું હોય ત્યારે તો એ કર્મ આપણા કંઈ હાથપગ, શરીરથી થાય છે, પણ એને અંદરથી દોરનારાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્-મનાદિકરણ છે. એ તો ચોક્કસ આપણાથી મનાય તેવું છે. ગપ્પાં નથી. સાચી વાત છે એટલે કર્મ કરતી વખતે એ (કરણો) કેવાં પ્રકારનાં રહે છે, તેના ઉપર કર્મનો-એના પરિણામનો આધાર છે.

જો કમ્પ્લીટ એનાલિસિસ ઑફ અવર માઈન્ડ ઍન્ડ ઈન્ટલેક્ટ-(મન અને બુદ્ધિનું સંપૂર્ણ પૃથક્કરણ) આપણે કરતાં રહીએ તો સમજાય છે કે આપણે આ જાતનું કામ કરીએ છીએ અને વિચાર બીજી જાતના થાય છે. કર્મ અને આપણા વિચારોને બુદ્ધિથી આપણે વિખૂટાં પાડીએ-વિચારી શકીએ. તો આ વાત સ્વીકારી શકીએ.

એક જણે મને કહ્યું, 'મોટા, તમારી વાત ખોટી છે.' મેં કહ્યું, 'કબૂલ. ભાઈ, ખોટી હોય તો.' એણે કહ્યું કે જ્યારે કોઈ કાર્ય આપણું સંપૂર્ણ ધ્યાન માંગી લે એવું હોય-એટેન્શન માગી લે એવું હોય તો મનાદિકરણ એમાં જ રહે છે.' મેં કહ્યું, 'ભાઈ તારી એ વાત હું કબૂલ કરું છું. મને અનુભવ નથી પણ એ સમજાય એવું છે ખરું કે એમાં મનાદિકરણ રહે... મનાદિકરણ એમાં જ રહે છે.' પણ આપણું માનસ છે તે ભાગ્યે જ પાંચ-છ ક્ષણ એકની એક જાતનું રહેતું હોય. એ બદલાતું જ રહે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ બદલાતાં હોય છે. ત્યારે દેખીતી રીતે ખરાબમાં ખરાબ જાતનું કર્મ હોવા છતાં તે વખતે આપણાં મનાદિકરણમાં કેવા વિચારો હોય છ તેના પર પરિણામનો આધાર છે.'

પેલો ભાઈ કહે, 'આ વાત બરાબર નથી.'

મેં કહ્યું, 'હું શાસ્ત્ર ભણ્યો નથી ભાઈ! મને તો મારી બુદ્ધિને યોગ્ય લાગે અને મારી બુદ્ધિ સ્વીકારે એ રીતે વાત કરું છું.'

કર્મનું મૂળ આપણું ચિત્ત છે. આપણા શરીરમાં મનાદિ પાંચ કરણો છે. આપણને જે કંઈ વિચાર આવ્યો, જે મોઢાથી વ્યક્ત ના કર્યો હોય-તેમ છતાં તે તમારા ચિત્તમાં સંગ્રહાઈ ગયો. જે કંઈ તમે બોલ્યા, ચાલ્યા, વર્ત્યા, વાતચીત થઈ, કર્મ કર્યું, કોઈની સાથે સંબંધ થયો, લડવાડ થઈ, કે સારું બોલ્યા ખોટું બોલ્યા, સ્થૂળ-સૂક્ષ્મ કે કારણ-એ ત્રણે જાતનું તમારું બોલવાનું થયું અથવા કર્મ કરવાનું થયું તે બધું જ ચિત્તમાં જાય. ચિત્ત ઓપન-(ખુલ્લો) કૅમેરા છે. એમાં બધું સંગ્રહાઈ જાય. એને કહે છે 'આપણા સંસ્કાર.' એ સંસ્કાર ચિત્તમાં પડ્યા, એ કાળે કરીને ઉદયવર્તમાન થાય. ઉદયવર્તમાન એટલે કે 'સ્પ્રિંગ્સ આઉટ-અંદરથી બહાર ઊછળી આવે બહાર આવે એટલે એને વૃત્તિ કહે. એ વૃત્તિ બહાર આવી એટલે ઍક્શનમાં મુકાય. **કર્મનું મૂળ આ.**

હવે એ બહાર આવ્યું એટલે જે પ્રમાણે વૃત્તિનું કે વિચારનું કે ભાવનાનું કર્મ હોય તે-તે જ ચૅનલમાં તે કર્મ કરતું થાય. બીજી રીતે એ કર્મ વર્તી જ ના શકે. **કર્મ સ્વતંત્ર નથી. વૃત્તિ અને સંસ્કાર ઉપર આધારિત છે.**

કર્મ કરતી વખતે જો આપણાં મનાદિકરણ ઉત્તમ પ્રકારની ભાવનાનાં પ્રવાહમાં વહેવડાવી શકીએ તો કર્મ ગમે તે પ્રકારનું હોય તો એ કર્મ આપણને દોષકર્તા નથી.

*(શ્રી ગુરુમહારાજના હુકમનો આદર કરી શ્રીમોટાએ કોઈના ઘેર ચોરી કરી હતી અને ચોરીનો માલ શ્રીગુરુચરણે ધર્યો હતો. પછી શ્રીગુરુ આજ્ઞા મળતાં ચોરીનો એ માલ એના માલિકને પરત આપી આવ્યા હતા. એ પ્રસંગનો ઉલ્લેખ અન્યત્ર છે ખરો.-સંપાદક)*

એક દાખલો હું તમને પ્રત્યક્ષ આપું કે કબીર સાહેબ હતા. તેઓ ઐતિહાસિક વ્યક્તિ છે. કાલ્પનિક નથી. આપણા જ દેશમાં થઈ ગયેલા છે. એમના ઘરે મહેમાન આવ્યા. તે ગરીબ માણસ હતા. સંસ્કૃતિની દૃષ્ટિએ વિચારીએ તો હાલના પૉલિટિકલ-રાજકીય માણસો કરતાં તો ક્યાંય ચડી જાય એવા હતા.

એમને ઘેર મહેમાનો આવ્યા. એમને જમાડવા માટે રસોઈ કરવા માટે લાકડાં પણ ન મળે. કબીર સાહેબે એમના છોકરાને કહ્યું, 'જા લાકડાં લઈ આવ.' તે લાકડાં લેવા એવા સમયે કંઈ જંગલમાં જાય ? પાસે જ કોઈનું ઘર થતું હતું. ત્યાંથી જ લાકડાં ઉઠાવ્યાં. એને પૂછ્યું, 'અલ્યા, કેમ લાકડાં લઈ જાય છે તું?' તો કહે, 'ભાઈ સાહેબ, હું ચોરી નથી કરતો. મારે ત્યાં મહેમાન આવ્યા છે. મારે ત્યાં લાકડાં નથી. મારે ત્યાં લાકડાં આવશે એટલે તમારે ત્યાં મૂકી જઈશ.'

પેલા માણસે છોકરા ઉપર ફરિયાદ કરી, તો છોકરાએ તો જવાબમાં કહ્યું, 'સાહેબ, આવી રીત હતી. મારે ત્યાં મહેમાન આવેલા હતા અને લાકડાં નહિ, તો ખવડાવવું શી રીતે? મેં એમને કહ્યું કે, લાકડાં આવશે એટલે પાછાં મૂકી જઈશ.'

મૅજિસ્ટ્રેટને 'કાજી' કહેતા કે શું કહેતા હશે એ રામ જાણે ! તેમણે વિચાર્યું કે આ છોકરાએ લુચ્ચાઈ નથી કરી. એનો હેતુ ચોરી કરવાનો નથી. એટલે એને છોડી મૂક્યો. એટલે મારું કહેવાનું એમ છે કે ચોરી જેવું કામ પણ જો તમે સારા હેતુને માટે જ કર્યું હોય તો તેની સજા નથી. તે કર્મથી કોઈ નુકસાન નથી.

બીજો એક દાખલો આપું. મેટ્રિકમાં હું ભણતો હતો. પરીક્ષાને હજુ વાર હતી. મારી જોડે એક છોકરો બેઠેલો. તે પોક મૂકીને રડે બિચારો. મેં કહ્યું, 'રડે છે શું કરવા ?' તો કહે, 'આ ભૂમિતિના પેપરમાં હું નપાસ થઈશ. ગરીબ મા-બાપ છે. મારા ઉપર આધાર છે. મેટ્રિક પાસ થાઉં તો કંઈક નોકરી કરું ને મા-બાપને રાહત રહે.' તો મેં કહ્યું, 'જો ચિંતા ન કર. હું તારી પાસે બેઠો છું. હું બહુ મોટા અક્ષરે લખીશ. તે તું જોજે ને લખજે.'

મારા મનમાં હું આને ચોરી કરાવું છું, પાપ કરાવું છું, એવું મેં માનેલું નહિ. ઊલટું એમ માનેલું કે આ બિચારો પાસ થશે તો એના કુટુંબનું પોષણ થશે. આશય-ઈન્ટેન્શન-ખરાબ નથી. આવું કરવું જોઈએ એમ મારે કહેવું નથી. કર્મની ફિલોસોફી-એનું તત્ત્વજ્ઞાન સમજી લેવું.

કોઈ ખરાબમાં ખરાબ કર્મ કરતો હોય તે પરથી આપણે કોઈનું પણ જજમેન્ટ અભિપ્રાય ન બાંધવો. કારણ કે તેના માનસમાં તે વખતે શું પ્રગટ હશે તે આપણે જાણતા નથી. પણ આપણે આપણા પુરતો ખ્યાલ રાખીએ. કર્મમાં જ મનાદિકરણને પરોવી રાખો. એમ હું ઈચ્છું છું. ભલે તમે ભગવાનનું નામ ન લેતા તો પણ એ કર્મયોગ છે.

'તદ્રુપ સર્વરૂપ', પ્ર.આ. પૃ. ૧૨૦ ❏

## (૯) ધર્મપ્રેમી જનતાને વિનંતી

સ્વજનસમૂહ

*(હરિઃૐ સુરતના પ્રારંભ માટે દાન-ભેટ-સહયોગ માટે જે તે સમયે એક પત્રિકા પ્રકાશિત કરાયેલી. એ પત્રિકામાં જે જે સ્વજનોના નામનો ઉલ્લેખ છે, તે પૈકી ડૉ. નટવરલાલ લાલાજી, સુરતનું નામ છે. તેઓશ્રીની દીકરી અંજનીબહેન પાસેથી આ પત્ર મળતાં પ્રકાશિત કરીએ છીએ. આ પત્રિકાની એક નકલ સુરત આશ્રમને પણ મોકલાઈ છે.-સંપાદક)*

આપણી પાસે શ્રી કુરુક્ષેત્ર મહાદેવના તાપી નદીને કિનારે આવેલા પવિત્ર સ્થાન આગળ ટૂંક સમયમાં જ એક **'હરિઃૐ આશ્રમ'** નામનો આશ્રમ શરૂ થાય છે. આ આશ્રમ માટે જમીન લેવાઈ ગઈ છે. મકાનોના પ્લાન વગેરે પણ તૈયાર થયા છે. સોળ હજાર ઉપરનું ફંડ થયું છે. આ આશ્રમ કે મૌનમંદિર કે સાધનામંદિરનું સંચાલન એક બહુ વિખ્યાત નહિ થયેલા એવા પરમ સંતને હસ્તક રહેશે. એઓશ્રી જાહેરમાં પ્રવચન કરતાં નથી, તેમજ એમણે લખેલાં પચીસ પુસ્તકોમાંથી એકેમાં પોતાનું નામ પ્રસિદ્ધ થવા દીધું નથી, તેમ છતાં જે કોઈ એમના સંસર્ગમાં આવે છે તેમને એમની ચેતનાનો સ્પર્શ અનુભવાય છે, તેથી એમનાં કાર્યો પ્રભુકૃપાથી થયે જાય છે.

અહીં જે આશ્રમ સ્થપાય છે, તેના જેવા એમના બીજા ત્રણ આશ્રમો છે-એક કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે, બીજો સાબરમતી આશ્રમમાં અને ત્રીજો નડિયાદ પાસે શેઢી નદીને કિનારે, આ ચોથો આશ્રમ છે.

સંસારમાં રહીને જેને પ્રભુમય જીવન ગાળવાની ઇચ્છા થાય તેને સગવડ અને સહાય મળે તે સારુ તથા ધર્મપ્રેમી ભાઈ-બહેનોને પ્રેરણા મળ્યા કરે તે સારુ આ આશ્રમ બંધાવાય છે. એમાં એક ખાસ ખંડમાં વિશિષ્ટ પ્રકારની સાધના કરાવવામાં આવશે. જેમાં જપ, ધ્યાન આદિનો સમાવેશ થાય છે. આવી રીતે એકાંતમાં થોડા દિવસ ગાળી પોતાના અંતરમાં ઊંડા ઊતરીને તેમાંથી પ્રેરણા તથા શુદ્ધિ મેળવી સંસારમાં શુદ્ધિને માર્ગે જીવન ગળાય એવો આ આશ્રમનો ઉદ્દેશ છે. આવું મૌન-એકાંત લેનારની ખાવાપીવાની સગવડ ઉપરાંત બીજી બધી દેખરેખ ઉપર જણાવેલા સત્પુરુષ રાખે છે. તેઓ વરસમાં ચારેક મહિના અહીં રહેશે ને પવિત્ર વાતાવરણની સુવાસ ફેલાવશે તથા જિજ્ઞાસુઓને પત્ર દ્વારા અને વાતચીત દ્વારા માર્ગદર્શન તેઓ કરે છે.

આ તો ઘેર બેઠા ગંગા જેવું છે. એથી આપને નમ્ર વિનંતી છે કે આ આશ્રમ માટે આપ ફૂલ નહિ તો ફૂલની પાંદડી હૃદયના શુદ્ધ ભાવપૂર્વક અર્પણ કરશોજી. લિ.

**ભૂપતરામ જમિયેતરામ શાસ્ત્રી,** સુરત
**હેમંતકુમાર નીલકંઠ,** અમદાવાદ
**ભીખુભાઈ હરિભાઈ પટેલ,** કતારગામ
**ચુનીલાલ લાલભાઈ કાપડિયા,** સુરત
**શાંતિલાલ તમાકુવાળા,** સુરત
**રતિલાલ તન્ના,** સુરત
**ડૉ. નટવરલાલ લાલાજી,** સુરત
**આર. એમ. દાળિયા**
(ઇલેક્ટ્રિકલ એંજિનિયર) રાંદેર

**લલ્લુભાઈ હરિભાઈ પટેલ,** કતારગામ
(ચૅરમેન, જિલ્લા સ્કૂલબોર્ડ, સુરત)
**દેવજીભાઈ ભીખાભાઈ**
(પ્રમુખ, રાંદેર સુધરાઈ) રાંદેર
**ડૉ. મોહનલાલ મોતીરામ દેસાઈ,** રાંદેર
**નારુશંકર મ. ભટ્ટ,** રાંદેર
**નિરંજન શાસ્ત્રી** (સભ્ય, રાંદેર સુધરાઈ, રાંદેર)
**ચંદુલાલ મોતીરામ પટેલ**
(મેનેજર ચોર્યાસી તાલુકા ડેરી) સુરત

## (૧૦) બુદ્ધિથી સમજાય નહિ એવી વાત

**શ્રીમોટા**

ઘણી વાતો એવી હોય છે કે આપણી બુદ્ધિમાં બેસે નહિ. તેમ છતાં બનતી હોય છે. ભગવાનની બાબત છોડી દો. આ સંસાર-વહેવારની બાબતમાં પણ આવું ક્યારેક બને છે. બુદ્ધિમાં ઊતરી ના શકે.

એક સ્ટેશન માસ્તર હતો. હું પંચમહાલનાં જંગલમાં ફરતો હતો ત્યારે મને ખબર પડેલી. જંગલમાં બિચારો સ્ટેશન માસ્તર અટૂલો હોય. પૈસાથી ભરેલી ચામડાની થેલી તૈયાર કરી એને સીલ મારી ગાડીમાં આપવા જતો હતો, ત્યાં ઝૂંટ મારીને કોઈક એ થેલી લઈ ગયો. એણે પોલીસમાં ફરિયાદ કરી કે 'મારી આવી સ્થિતિ છે અને ચોરી થઈ ત્યારે આટલા માણસો હાજર હતા.'

પોલીસે તપાસ કરી કે વાત સાચી છે કે ખોટી ? સરનામાં-બરાબર લખી લીધાં. પછી ત્યાં જઈ તપાસ કરી આવ્યા કે વાત સાચી છે. અમારા દેખતાં જ ચામડાની એ થેલી કોઈ ઉપાડી ગયું. બીજું એ કંઈ જાણતા નથી. એ માણસ કોણ હતો ? કેવો હતો ? કંઈ જ જાણતા નથી. એ લઈ ગયો હતો.

સ્ટેશન માસ્તર તો રડ રડ કરે, પણ એની બૈરી એને વારંવાર કહે 'રડ રડ શું કરો છો? રડવાથી શું વળવાનું છે? આપણે કંઈ ચોરી કરી નથી. તમે ભગવાનને પ્રાર્થના કરો. આપણે ભગવાનને પ્રાર્થના તો કરીએ. એ મળવાનું હશે તો મળશે. નહિ મળવાનું હોય તો નહિ મળે. પણ પ્રાર્થના તો કરીએ. આપણે ભગવાનમાં નથી માનતાં એવું તો નથી. માટે આપણે પ્રાર્થના કરો.'

પેલો કહે, 'તું તારે કર. મારા મોંમાંથી તો પ્રાર્થનાના શબ્દો ના નીકળે.' એટલે એ બૈરીએ પ્રાર્થના કરી. બરાબર રડતાં રડતાં પ્રાર્થના કરી. એવા શબ્દોથી ભગવાનને પ્રાર્થના કરી કે જે માણસ પેલી થેલી લઈ ગયો હતો એ થેલી પાછી આપવા રાત્રે આવ્યો. એને પછી બહુ પસ્તાવો થયો. એ કહે, 'મારી બૈરી મને બહુ લડી.' અને કહ્યું, 'જંગલમાં બિચારા સ્ટેશન માસ્તર એકલા રહે છે. એની પાસે પૈસો નહિ. અને તેં આ કર્યું ? તો એની શી વલે થશે ? સરકારમાંથી એની નોકરી જશે. બીજે કંઈ ચોરી કરજે પણ આ ના કરીશ.'

પેલી બૈરી પ્રાર્થના કર્યા કરતી હતી, એના લીધે હોય કે ગમે તેમ હોય, પણ થેલી પાછી આવી. એ જોઈને એ બહુ રાજી થયો. એ તો થેલી જોઈને નાચવા લાગ્યો. થેલી લઈને આવનારને બેસાડી એની પત્નીએ ચાપાણી કરાવ્યાં, નાસ્તો કરાવ્યો, જમાડ્યા બરાબર અને ભગવાનને પ્રાર્થના કરી કૃપા કરી કે 'હે પ્રભુ, આવા સંકટમાં તમે જે મદદ કરી ઉગાર્યા'-બૈરી તો બરોબર માની ગયેલી. હું એ વખતે ત્યાં હાજર હતો. ધણી માનતો ન હતો. એ તો કહે, 'આ તો ઑટોમેટિક-આપોઆપ બન્યું.'

પછી સ્ટેશન માસ્તરે વાત કરી કે 'જે લઈ ગયો હતો, તે પાછી આપી ગયો,' પણ એ સ્ટેશન માસ્તરના નામ પર ચડ્યું તે ચડ્યું. એ છૂટ્યો ત્યાં સુધી નીકળ્યું નહિ, કે એણે જ આ ગોલમાલ કરેલી. પેલા માણસને તૈયાર કરીને ચોરી કરાવેલી છે.

આવા કિસ્સાઓ ભગવાનને ન માનનારના જીવનમાં પણ બને. એના હૃદયનો આર્તપોકાર નીકળે. હૃદયનો ભાવ નીકળે. એ ભાવમાં ભગવાન સમાયેલો છે જ. ભગવાન એટલો બધો ઉદાર છે કે આ તો મને નથી માનતો એટલે એને મદદ ન કરું એવું નથી. ભગવાન પાપીઓને પણ નથી જોતો. એ સમતાવાળો, સમદષ્ટિવાળો કરુણાળુ અને પ્રેમ રાખનાર છે.

'તદ્રૂપ સર્વરૂપ', પ્ર.આ. પૃ. ૯૧ ❑

## (૧૧) વાઈસરૉયની સ્પેશિયલ ટ્રેઈનને અટકાવ્યાનો પ્રસંગ

**શ્રીમોટા**

આ તો બનેલી વાત છે. ગાંધીજીના મંત્રી મહાદેવ દેસાઈના મોટા ભાઈ હતા. બહુ પ્રખ્યાત માણસ હતા. તેઓ રેલવેમાં નોકરી કરતા. ગ્રાંટરોડ ઉપર હેડ તરીકે કામ કરે.

તે વખતે વાઈસરૉયની ટીમ જવાની. એમને માટે સ્ટીમર ઊભી રહેલી. આ પાટા એવા કે છેક સ્ટીમર સુધી જતા હતા. ત્યારે એ પાટા પર થઈને બીજી ટ્રેન પણ જતી હતી. એ સ્પેશિયલ ટ્રેનને માટે લાઈન ક્લીઅર રાખો-છેક સુધી જવાનું છે. એમ હુકમ થયો, ત્યારે પેલા ભાઈએ વાઈસરૉયનીની ટીમને જવાબ આપ્યો કે હું 'દિલગીર છું. મારાથી લાઈન ક્લીઅર નહિ રાખી શકાય. બીજી એક ટ્રેન આવી રહી છે. તેને મેં સિગ્નલ આપી દીધું છે. એટલે હવે મારાથી લાઈન ક્લીઅર નહિ કરી શકાય. જેને મેં પહેલું સિગ્નલ આપી દીધું છે તે ટ્રેનને મારે લેવી જ પડશે.

વાઈસરૉયની ટીમનો જવાબ હતો કે 'તું એ ટ્રેનને ડોક્યાર્ડમાં બીજે ઠેકાણે મૂક, પછી એને ક્લીઅર આપી દઉં છું.' વાઈસરૉયની ટીમે આને ઈન્સલ્ટ-અપમાન ગણ્યું. પછી પેલી ગાડી આવી. એને ડોક્યાર્ડમાં મૂકી અને પછી એ સ્પેશિયલ ટ્રેનને ક્લીઅર લાઈન આપી. પણ થોડીક વાર થોભવું પડ્યું. તે એ લોકોને માથાવાઢ લાગ્યું. પછી કેસ ચાલ્યો. એમણે તો જે સાચું હતું તે કહી દીધું કે, 'આ મારો કિસ્સો છે. તમારે જે કરવું હોય તે કરજો.'

આવા મોટા વાઈસરૉયની સ્પેશિયલ જતી હોય, તેને તમે અટકાવી રાખી, તે માટે તમને નોકરીમાંથી દૂર કેમ ન કરવા ? તેવાં કાગળિયાં આવ્યાં. એની નીચે એમણે લખ્યું કે, 'મને એવી ખબર ન હતી કે વાઈસરૉયની સ્પેશિયલ ટ્રેન આવે છે. પહેલેથી હું જાણતો હોત તો પેલી ટ્રેનને હું બીજા સ્ટેશન પર અટકાવી રાખત. અને કહેત કે 'ભાઈ, હમણાં તમે આવશો નહિ, પણ આ સ્પેશિયલ ટ્રેન આવે છે, તેને હમણાં જવા દો પછી તમે આવો.' મારે કંઈ જાણી જોઈને વાઈસરૉયની ટ્રેનને રોકવી એવું કંઈ છે જ નહિ. તમારે જે કરવું હોય તે કરો !

એ લોકો મૂંઝવણમાં પડ્યા કે આવા માણસને કેવી રીતે બરતરફ કરવો ? એ વખતે એક બૅરિસ્ટર શ્રી ભુલાભાઈ દેસાઈ હતા. મહાદેવભાઈને અને એમને બહુ સારો સંબંધ. તે ભૂલાભાઈએ આ જાણ્યું, એમણે કહ્યું, 'ગભરાઈશ નહિ. એમના બાપનીય તાકાત નથી કે તને નોકરીમાંથી કાઢે ! હું ઠેઠ સુધી લડીશ.' એટલે પછી એને નોટિસ આપી કે 'ભવિષ્યમાં તમારે આવી બાબતમાં કાળજી રાખવી.' નોટિસનો તો કોઈ અર્થ નથી. આવી બાબતમાં કાળજી રાખવી, તે કાળજી રાખવાની છે તે રાખીશું અને આમાં આપણે નિષ્ઠા નથી રાખતા એવું કંઈ છે નહિ. એ છો લખ્યા કરે. આના પર આપણે બહુ ધ્યાન રાખવાની જરૂર નથી. મહાદેવભાઈના ભાઈ જીતેલા. અને એના પગારના ઇન્ક્રિમેન્ટ અટકાવેલા તે પણ પાછા મળેલા.

આવા બહાદુર માણસો પણ આપણા દેશમાં થઈ ગયા.

'તદ્રૂપ સર્વરૂપ', પ્ર.આ. પૃ. ૬૩ ❑

## (૧૨) માતા અમૃતાનંદમયી-આછેરી જાણકારી

માતા અમૃતાનંદમયી અમ્માનો જન્મ કેરાલાના પછાત માછીમાર ગામમાં સને ૧૯૫૩માં થયો હતો. માતાપિતાએ તેમનું નામ સુધામણિ રાખ્યું હતું. જન્મ સમયે સામાન્ય બાળકની જેમ આ બાલિકા રડી નહોતી. એ સમયે એના મુખ પર અલૌકિક મનોહર સ્મિત રમી રહ્યું હતું. કોઈ પણ પ્રકારની કેળવણી વિના બાળપણથી જ તે અત્યંત આધ્યાત્મિક હતી. તેને કોઈ સમજી શકેલું નહિ એ કારણે તેની સાથે દુર્વ્યવહાર થતો. બાળપણમાં ઘણાં દુઃખો સહન કરવાં પડ્યાં હતાં.

આ બાલિકા હજી તો ત્રીજા ધોરણમાં હતી એવે સમયે એની મા બીમાર પડી એટલે ઘરકામનો બધો બોજો એના પર આવતાં એણે સ્કૂલનો અભ્યાસ છોડવો પડેલો. પ્રસન્ન મન સાથે ઘરનું સઘળું કામ એ કરતી. દરેક કાર્ય દ્વારા એ ભગવાન કૃષ્ણની સેવા કરી રહી છે એવા મનોભાવ સાથે સુધામણિ બધાં કામ કરતી. રાત્રિનો સમય તે પ્રભુસ્મરણમાં, ધ્યાનમાં અને ભક્તિમાં વિતાવતી, પોતાનાં બધાં કાર્યો ઈશ્વરને સમર્પિત કરતી. ગરીબો પ્રત્યેની કરુણતાએ એને અનેક વખત મુશ્કેલીમાં મૂકી હતી. જરૂરતમંદ લોકોને ઘરમાંથી ખોરાક કે વસ્તુ લઈને આપી દેતી. ગરીબો પ્રત્યેની કરુણા તેનો જન્મજાત સ્વભાવ હતો.

આ બાલિકા જેમ મોટી થઈ તેમ તેની સાધનાએ ઉગ્ર રૂપ ધારણ કર્યું. અનેક વખત તે સમાધિમાં લીન જોવા મળતી, તેને ભગવાન કૃષ્ણનાં દર્શન થવાં લાગ્યાં. પ્રભુ સાથેનું તેનું ઐક્ય પૂર્ણ થતાં પોતાનામાં અને કૃષ્ણ વચ્ચે કોઈ ફરક તે કરી શકતી નહોતી. એક દિવસ એને માતાજીનાં દર્શન થયાં. મા જગદંબા સાથે તે એક થવા માટે વ્યાકુળ બનતી. તેની આ સ્થિતિને ગ્રામવાસી સમજી શકેલા નહિ. મનુષ્યોએ જ્યારે તેને તરછોડી ત્યારે પ્રકૃતિએ તેની રક્ષા કરી. પશુ-પક્ષીઓ તેની સંભાળ લેતાં હતાં.

આ સમય દરમિયાન સુધામણિનું સમગ્ર અસ્તિત્વ મા જગદંબાના પ્રેમ અને દર્શન માટે ધગધગતું હતું. દિવ્ય માતા અત્યંત કૃપાળુ સ્મિત સાથે અને શુદ્ધ દેદિપ્યમાન તેજસ્વી રૂપ બની સુધામણિમાં વિલિન થઈ ગયાં. તેમના જ શબ્દોમાં : ‘હાસ્ય કરતાં મા જગદંબા પ્રકાશ પૂંજ બની મારામાં સમાઈ ગયા. મારું મન ખીલી ઊઠ્યું અને દિવ્યતાના વિવિધ રંગી પ્રકાશમાં હું નાહી રહી.’ સુધામણિને હવે અનુભવ થયો કે, ‘ઈશ્વરનાં બધાં જ સ્વરૂપો અને દિવ્યતા તેમની અંદર જ અસ્તિત્વ ધરાવે છે અને તેઓ જ્યારે ચાહે ત્યારે તેને પ્રકટ કરી શકે છે.’

સને ૧૯૭૯માં અમ્માના પ્રથમ શિષ્યોનો સમૂહ હંમેશને માટે તેમની સાથે રહેવા આવી ગયો. શિષ્યોના પ્રથમ સમૂહે તેઓશ્રીને **‘માતા અમૃતાનંદમયી’** નામ આપ્યું. વધુ ને વધુ યુવકો-યુવતીઓ આધ્યાત્મિક માર્ગદર્શન મેળવવા તેમની પાસે આવવા લાગ્યાં. આ પ્રમાણે સને

૧૯૮૧માં અમ્માના જન્મસ્થળ ઉપર જ 'માતા અમૃતાનંદમયી મઠ'ની સ્થાપના થઈ.

**માનવીય સેવાકાર્યો :**

માતા અમૃતાનંદમયી મઠ દ્વારા અનેક પ્રકારે માનવીય સેવાકાર્યો થઈ રહ્યાં છે. તે પૈકી કેટલાંક મુખ્ય સેવાકાર્યોની વિગત આ પ્રમાણે છે :

(૧) કાશ્મીરમાં ભૂકંપ (ઑક્ટોબર, ૨૦૦૫) (૨) મુંબઈમાં પૂર (જુલાઈ, ૨૦૦૫) ઝૂંપડપટ્ટીના લોકોને ખોરાક, અનાજ, વાસણ, વસ્ત્રો, પાથરણની સહાય અને ૫૦૦૦ રોગીઓને સેવા અને રૂ. ૪ કરોડની દવાઓ આપી હતી. (૩) અમેરિકામાં હરીકેન, કેટ્રીના, બુશ-ક્લિન્ટનના રાહત ફંડમાં રૂ. ૪.૪ કરોડની દવાઓ. (૪) સુનામી-૨૬ ડિસેમ્બર ૨૦૦૪ હજારો નિરાશ્રિતો માટે ખોરાક, વસ્ત્રો, દવાઓ, ડૉક્ટરો, નર્સોની રાહત ત્વરાથી પહોંચાડી હતી. તે પછી રાહતકાર્ય માટે રૂ. ૧૦૦ કરોડની સહાય અપાઈ હતી. ઉપરાંત રૂ.૧૫૦ લાખ ઘરગથ્થુ ચીજવસ્તુ ખરીદવા માટે અપાયા હતા. શ્રીલંકાના રાષ્ટ્રપતિને રાહતકાર્યો માટે રૂ. ૩ કરોડની સહાય આપવામાં આવી હતી. આશ્રમ દ્વારા કેરાલામાં ૧૩૦૦, તામિલનાડુમાં ૧૭૦૦ અને પોંડિચેરીમાં ૨૫૦ મકાનો સુનામી પરિવારો માટે બાંધવામાં આવેલ છે. (૫) ગુજરાતમાં ભૂકંપ-૨૦૦૧માં રાહતકાર્ય માટે ડૉક્ટરો, નર્સો, આધુનિક ઉપકરણોથી સજ્જિત બે એમ્બ્યુલન્સ મોકલવામાં આવી હતી.

**સમાજ કલ્યાણનાં કાર્યો :**

(૧) અમૃતા કુટીરમ્ (મફત ઘરયોજના) સને ૧૯૯૬માં આશ્રમ તરફથી આ યોજના શરૂ કરાઈ છે. જે અનુસાર ભારતભરમાં ગરીબ તેમજ ઘર વિહોણાને ૨૫૦૦૦ ઘરો બાંધી આપવામાં આવ્યાં છે. બીજા તબક્કામાં એક લાખ મકાનો બાંધી આપવાની ગંજાવર યોજના અમ્માએ જાહેર કરી હતી. આજે કેરાલા, કર્ણાટક, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને ઉત્તર પ્રદેશમાં ઝડપથી કાર્ય ચાલી રહ્યું છે. ભૂજ જિલ્લામાં ૨૦૦૧ના ભૂકંપમાં સંપૂર્ણ નાશ પામેલ ત્રણ ગામો આશ્રમે દત્તક લીધાં હતાં. આ નવાં ગામોમાં ૧૨૦૦ ભૂકંપ અવરોધક ઘરો, કમ્યુનિટિ હૉલ, સ્કૂલો, મંદિરો અને મસ્જિદ બનાવવામાં આવ્યાં હતાં.

**(૨) અમૃતા નિધિ :**

૧૯૯૮માં અમ્માએ આજીવન પેન્શનની યોજના શરૂ કરી છે. ભારતભરમાં ૫૦,૦૦૦ ગરીબ તેમજ વિધવા મહિલાઓને આશ્રમની શાખાઓ મારફતે પેન્શન દ્વારા સહાય પહોંચાડવામાં આવે છે.

**(૩) અમૃતા અરણ્ય જીવનમ્ (મફત ઘર-યોજના) :**

કેરાલાના આદિવાસી લોકોના સર્વાંગી વિકાસ માટે ૫૦ સ્કૂલોના નિર્માણની યોજના છે. બાળકોને વિદ્યાભ્યાસ અને વયસ્કને વ્યવસાયિક પ્રશિક્ષણ અપાય છે. (અપૂર્ણ)

સરનામું :
માતા અમૃતાનંદમયી મઠ
પો.ઓ. અમૃતાપુરી, કોલમ્ ડિસ્ટ્રિક્ટ,
કેરાલા-૬૯૦૫૨૫
email : Amma@amritapuri.org
web site : www.amritapuri.org ❏

## (૧૩) ઈશુ ખ્રિસ્તનો સંદેશ

કિશોરલાલ મશરૂવાલા

**સાચું શિષ્યત્વ :** તમે મોઢેથી ગુરુ-ગુરુ કહ્યા કરો, પણ જો મારા પ્રભુના આદેશો પ્રમાણે વર્તો નહિ, તો તમે મારું ઓથું અને ઈશ્વરનું નામ નકામું જ લો છો. તેવાઓને હું કદી પોતાના કહીને સ્વીકારવાનો નથી. જો કયામતને દહાડે તમે મને કહેશો કે અમે તો તમારું નામ જ લેતા હતા અને તમારા નામનો જ પ્રચાર કરતા હતા, તોય હું કહીશ કે 'જાઓ, હું તમને ઓળખતો નથી.' માટે સાવચેત રહેજો. તમારું મકાન પાકે પાયે અને મજબૂત ચણજો. તો જ એ ભારેમાં ભારે તોફાનો સામે ટકી રહેશે. પણ જો તમે પાયા વિનાનું નબળું મકાન બાંધશો તો તે વરસાદ અને તોફાનને ઝીલી નહિ શકે અને પડી જશે અને તમારો સર્વથા નાશ જ કરશે.

**અનાડંબર :** સંતો, તમારાં સત્કર્મોને છુપાવી રાખજો, તમારા જમણે હાથે કરેલા દાનની ડાબા હાથને પણ જાણ થવા ન દેશો અને તમે ઉપવાસ કરો ત્યારે પ્રસન્ન મુખ રાખજો, કે જેથી તમે ઉપવાસ કર્યો છે એ કોઈ જાણે નહિ. તમારી પૂજા અને પ્રાર્થનાનો આડંબર ન કરશો. રસ્તા ઉપર અને મંદિરમાં જઈ તેનો વેશ સર્વને બતાવશો નહિ, પણ તમારા હૃદયના એકાંત ખૂણામાં, બારણું વાસી તમારા પ્રભુને યાદ કરજો.

પ્રાર્થના એટલે નકામો લવારો નહિ. ઘણા શબ્દો વાપરવાથી જ પ્રભુને રાજી કરી શકાતો નથી. પણ તમે આ પ્રમાણે પ્રાર્થના કરજો.

**ખ્રિસ્તી પ્રાર્થના :** હે દિવ્યધામવાસી પિતા ! તારો જયજયકાર થાઓ ! તારું ધર્મરાજ્ય સર્વત્ર પ્રસરો, તારી આજ્ઞાઓનું સ્વર્ગ અને પૃથ્વી પર બરાબર પાલન થાઓ. તું અમને અમારો રોજનો જ રોટલો આપજે. અમને અમારા વિકારોમાં લલચાવા દઈશ નહિ, તથા જેમ અમે પણ અમારા ગુનેગારોને માફ કરીએ તેમ તું અમારા ગુના માફ કરજે, કારણ કે તારું જ ધર્મરાજ્ય, પ્રભુતા અને યશ સર્વત્ર પ્રસરે છે. આમીન (તથાસ્તુ).

**ઈશ્વર અને શયતાન :** શિષ્યો તમે એકીસાથે પ્રભુ અને શયતાનની સેવા નહિ કરી શકો; માટે તમે ધન અને કીર્તિની તૃષ્ણા રાખી, અન્ન અને પ્રાણની ચિંતા કરી પ્રભુને માર્ગે જઈ નહિ શકો. તમારી ચિંતાથી તમે તમારા શરીરને એક નખ જેટલું પણ પુષ્ટ કરી નથી શકવાના, માટે એની ચિંતા છોડી જ દેજો. જે સર્વનું રક્ષણ કરે છે, જે પશુ, પંખી અને વૃક્ષને પોષે છે, તે તમારું પોષણ કરશે જ, એવી દૃઢ શ્રદ્ધા રાખજો.

**શ્રદ્ધાનો મહિમા :** શ્રદ્ધાહીન લોકો શ્રદ્ધાનો મહિમા સમજતા નથી અને તેથી જ અન્ન, પાણી અને વસ્ત્રની ચિંતા કરે છે. શુદ્ધ બનો તો તમને સર્વ મળી આવશે.

આવતી કાલ માટે આજથી ચિંતા ન કરો, આવતી કાલ આવતી કાલને સંભાળી લેશે. આજને જ બરાબર પાર પાડવા માટે તમારે માથે ઓછો ભાર નથી અને શ્રદ્ધાથી માગો એટલી જ વાર છે, શોધો એટલી જ ખોટી છે; પ્રભુનું બારણું ઠોકો એટલો જ તમારે અંદર જવાનો વિલંબ છે. તમારામાંથી કોઈ એવો છે કે જે પોતાના પુત્રને તે રોટલો માગે ત્યારે પથરો આપે ? તો પછી તમારો પ્રભુ તમને તમે કલ્યાણકારી વસ્તુઓ માગો તો અનિષ્ટ કરનારી વસ્તુઓ કેમ આપશે ?

**પ્રભુનો માર્ગ :** પણ પ્રભુના ધામમાં પેસવાનો રસ્તો કેડી વાટે છે. નરકના માર્ગો પહોળા અને સર્વત્ર પ્રસિદ્ધ છે, પણ ઈશ્વરના ઘરનો માર્ગ સાંકડો અને શ્રમપ્રાપ્ય છે.

શ્રી કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાલાના પુસ્તક 'ઈશુ ખ્રિસ્ત', માંથી પૃ. ૪૬-૪૮ (નવજીવન, અમદાવાદના સૌજન્યથી) ❑

## (૧૪) મા ભગવતીનાં ચાર સ્વરૂપો : (૧)

શ્રીઅરવિંદ

*(શ્રીઅરવિંદ આશ્રમ પોંડિચેરી દ્વારા પ્રકાશિત અને શ્રીઅરવિંદ લિખિત 'મા'ના પુનર્મુદ્રણ ૧૯મું-૨૦૦૫ના આધારે સ્વામી શ્રી સદાશિવના પરમ અનુયાયી ગાંધીનગર નિવાસી શ્રી પ્રિયવદન જોષી દ્વારા સંકલિત લખાણ પ્રકાશિત કરીએ છીએ.-સંપાદક)*

મા ભગવતીનાં ચાર સ્વરૂપો, એનાં ચાર પ્રધાન શક્તિ સ્વરૂપો અને વ્યક્તિ સ્વરૂપો આ વિશ્વનું માર્ગદર્શન કરવાનાં કાર્યમાં તથા પૃથ્વી સાથેના તેના વ્યવહારમાં સૌથી મોખરે રહેલાં છે. તેમાંનું એક સ્વરૂપ રાજરાજેશ્વરી મહેશ્વરી છે જે ચિંતક બુદ્ધિ અને સંકલ્પથી ઊર્ધ્વમાં રહેલી વિશાળતામાં બિરાજે છે, મન તથા તપ શક્તિને તે ઊર્ધ્વમાં આરોહણ કરાવે છે તથા તેમને વિશુદ્ધ અને મહાન બનાવી પ્રજ્ઞા તથા વિશાળતા આપે છે. એટલું જ નહિ, એમનાથીય ઊર્ધ્વમાં રહેલ પર કોટિના કોઈ પ્રકાશની ભરતીથી એમને પ્લાવિત કરી મૂકે છે. કારણ કે તે એક એવું તત્ત્વ છે જે સમર્થ છે, જ્ઞાનયુક્ત છે અને વિજ્ઞાનમય ચેતનાની અનંતતાઓ પ્રત્યે, વિશ્વવ્યાપક વિશાળતાઓ પ્રત્યે, પરમ જ્યોતિની ભવ્યતા પ્રત્યે, અદ્‌ભુત જ્ઞાનના ભંડારો પ્રત્યે તથા મા ભગવતીની શાશ્વત શક્તિઓની અમેય ગતિ પ્રત્યે તે આપણને ખુલ્લા કરી આપે છે. મહેશ્વરી છે પ્રશાંત અને અદ્‌ભુત, મહાન અને સદા સ્થિર. તેનામાં કોઈ એવું સામર્થ્ય છે જે હરકોઈ વસ્તુને પહોંચી વળે છે અને તેના પર પ્રભુત્વ સ્થાપન કરે છે. સમતાપૂર્ણ, ધીર અને પોતાના સંકલ્પમાં અવિચલ એવી મહેશ્વરી માનવો જોડે તેમની પ્રકૃતિ અનુસાર વ્યવહાર કરે છે તથા વસ્તુઓ અને ઘટનાઓ સાથે તેમનામાં રહેલા બળ અને સત્ય પ્રમાણે કામ લે છે. પક્ષપાત એનામાં લવલેશ હોતો નથી, પરંતુ તે પરમ ઈશના આદેશનું અનુસરણ કરતી હોય છે અને તેમ કરતાં, કેટલાકને તે ઊર્ધ્વમાં લઈ જાય છે તો કેટલાકને અધોગતિમાં નાખે છે અથવા તો પોતાનાથી દૂર અંધકારમાં મૂકી દે છે. જ્ઞાનીઓને તે વધારે પ્રકાશમય અને વધારે વિશાળ જ્ઞાન આપે છે, ક્રાંતદર્શી હોય છે તેમને પોતાની મંત્રણામાં પ્રવેશ આવે છે. વિરોધીઓને તેમના વિરોધનાં પરિણામો ફરજિયાત ભોગવાવે છે. પ્રત્યેક માનવમાં રહેલાં તેની પ્રકૃતિનાં જુદા જુદાં તત્ત્વોને, પ્રત્યેકની જુદી જુદી જરૂર પ્રમાણે તેમની પાછળ રહેલી પ્રેરણા પ્રમાણે એ વસ્તુઓ જે પ્રત્યુત્તર કે બદલો એનામાં સ્વાભાવિક રીતે પ્રગટાવે છે, તે પ્રમાણે વ્યવહાર કરે છે. તેમની પોતાની માનીતી સ્વતંત્રતા માણવાને અને અજ્ઞાનને માર્ગે વૃદ્ધિ કે વિનાશ પામવાને તેમને છૂટા મૂકે છે, કારણ કે તે સર્વથી પર છે, તે કશાથી બંધાતી નથી, વિશ્વમાં કશા પ્રત્યે તે આસક્ત નથી છતાં અન્ય કોઈમાં નથી એવું જગત્‌જનનીનું હૃદય તેનામાં રહેલું છે કારણ કે એની દયા અસીમ અને અખૂટ છે, એની દૃષ્ટિમાં સર્વ તેનાં પોતાનાં જ સંતાનો છે, એક જ પરમના અંશો

છે. અસુરો, રાક્ષકો, પિશાચો તથા દ્રોહ અને વિરોધ કરનારા પણ એ જ્યારે કોઈને તરછોડી નાખે છે ત્યારે પણ તેના ઉદ્ધારને મુલતવી રાખે છે એટલું જ, એનો દંડ પણ એનો અનુગ્રહ જ હોય છે. પરંતુ એની દયા અને જ્ઞાનને અંધ બનાવી શક્તી નથી અથવા તો નિર્મિત થયેલા માર્ગમાંથી એના કાર્યને રજમાત્ર ફેરવી શકતી નથી, કારણ કે વસ્તુઓના સત્ય સાથે જ તેનું કામ છે, **જ્ઞાન એ તેની શક્તિનું કેન્દ્ર છે** અને આપણા અંતરાત્માને અને આપણી પ્રકૃતિને દિવ્ય સત્યના ઘાટમાં ઘડવાં એ એનું વ્રત છે, એ તેનો પુરુષાર્થ છે.

**મહાકાલીની પ્રકૃતિ જુદી છે.** વિશાળતા નહિ પણ ઉત્તુંગતા, જ્ઞાન નહિ પણ શક્તિ અને બળ એ એની ખાસ શક્તિ છે. એનામાં પરાભવ કરનાર ઉત્કટતા છે, ભવ્ય સામર્થ્ય, અવિરોધ્ય આવેગ, ક્ષમાભાવ, સર્વંકશા-અભિભૂત કરનાર પ્રચંડ વેગ અને તપઃશક્તિ અને જગતને કંપાવનાર ઉગ્ર શક્તિને ધારણ કરે છે. એનામાં કાર્યને સિદ્ધ કરવા માટે શક્તિનો પ્રચંડ આવેગ હોય છે, પ્રત્યેક મર્યાદાના, પ્રત્યેક વિઘ્નના ચૂરેચૂરા કરવા ધસતી દિવ્ય રુદ્રતા હોય છે અને દિવ્યતાનો સમસ્ત પુંજ ઝંઝાવાત જેવા કાર્યમાં ઉગ્ર પ્રતાપ રૂપે ભભૂકી ઊઠે છે. મહાકાલી વેગને માટે છે, તત્ક્ષણ પરિણામ લાવે-કાર્યસાધક બને એવી પ્રક્રિયા યોજવી તેનું કામ છે. તે સીધો અને ઝડપી ઘા કરનારી છે. વિરોધ કરનારી સર્વ વસ્તુને સામી છાતીએ આક્રમણ-હુમલો કરીને પરાસ્ત કરવાનું તેને ગમે છે. અસુરોને એનું મુખમંડળ ભીષણ લાગે છે અને પ્રભુના દ્વેષીઓ પ્રત્યે એનો ભાવ ભયાનક અને નિષ્કરુણ હોય છે, કારણ કે મહાકાલી તો સંગ્રામથી કદીયે ન ડરનારી વિશ્વભરની રણચંડી છે. અપૂર્ણતાને એ કદી નિભાવી લેતી નથી અને તેથી માનવની અંદર જે કંઈ અનિચ્છુક આનાકાની કરનારું હોય છે તેના પ્રત્યે તે કઠોરપણે વર્તે છે, તથા જે જે વસ્તુ દુરાગ્રહપૂર્વક અજ્ઞાનમાં અને અંધકારમાં પડી રહેનારી હોય છે. તે સર્વ પ્રત્યે તે કડક રીતે કામ લે છે. વિશ્વાસઘાત, જૂઠાણું, દુષ્ટતા-અપકારવૃત્તિ સામે એનો કોપ સદ્ય અને કપરો હોય છે, અનિષ્ટ સંકલ્પના-દુષ્ટેચ્છાના-ઉપર એનો ચાબખો તત્કાળ તૂટી પડે છે. પ્રભુના કાર્યમાં બેદરકારી, શિથિલતા અને પ્રમાદ તે સહન કરી શકતી નથી અને અકાળે ઊંઘનારને અને રસળ્યા કરનારને જરૂર પડે તો તીવ્ર વેદનાનો આઘાત આપીને તે જાગ્રત કરી દે છે. જે મનોવૃત્તિઓ વેગીલી, ઋજુ અને નિખાલસ-અકપટ હોય છે. તે અકુંઠિત સંકોચ વિનાના સર્વ વ્યાપારો-અગ્નિની શિખા પેઠે સડસડાટ ઊર્ધ્વ ગતિ કરતી જ્વલંત અભીપ્સા એ મહાકાલીની ક્રિયાઓ છે. એનો આત્મા દુર્દમ છે, એની દૃષ્ટિ અને તપઃશક્તિ ગરુડની આકાશગતિ પેઠે ઉન્નત ઊર્ધ્વદર્શી અને સુદૂરગામી છે. ઊર્ધ્વને માર્ગે એના ચરણ ઝડપથી આગળ વધે છે અને એના હસ્ત દંડ દેવા તથા અભય દેવા સદા સજ્જ હોય છે. કારણ કે મહાકાલી પણ મા ભગવતી જ છે. એનો પ્રેમ પણ એના ક્રોધના જેવો તીવ્ર અને ઉત્કટ છે. એનામાં ગહન અને ગાઢ માયાળુતા

છે. જ્યારે એને પોતાની સંપૂર્ણ શક્તિ સહિત સાધકમાં કાર્ય કરવાની અનુમતિ આપવામાં આવે છે-અંતરમાં ચાલતી ક્રિયામાં વચમાં પડવા દેવામાં આવે છે-ત્યારે સાધક પર આક્રમણ કરનાર શત્રુઓને જમા થયેલી-જામી બેઠેલી બાધાઓને નિઃસત્ત્વ ખાલી ફોતરાં પેઠે એક ક્ષણમાં વેરવિખેર કરી નાખે છે. તોડી ફોડી ફેંકી દે છે. જો વિરોધીઓને તેના દબાણની ભીષણતા લાગે છે તો જેઓ મહાન છે, સમર્થ છે, ઉદાત્ત છે તેમને તે પ્રિય લાગે છે, તેઓ તેને ભજે છે, એનું સમારાધન કરે છે. કારણ કે તેઓ જાણે છે કે પોતાના સત્ત્વમાં જે કંઈ બંડખોર વસ્તુ હોય છે તેને મહાકાલીના ઘા ટીપી ટીપીને દિવ્ય સામર્થ્યમાં અને સંપૂર્ણ સત્યના રૂપમાં ઘડી આપે છે. જે કંઈ વક્ર અને કુટિલ હોય છે તેને પોતાના હથોડા વતી ઘડી ઘડીને સીધું કરે છે અને અશુદ્ધ અને ખામીવાળું હોય છે તેને બહાર ફેંકી દે છે. મહાકાલી ન હોત તો આજે જે એક દિવસમાં થઈ શકે છે તેને બનતાં સદીઓ લાગત. એના વિનાનો આનંદ વિશાળ અને ગંભીર યા તો કોમળ મધુર અને સુંદર હોઈ શકે પરંતુ એની પરાકાષ્ટામાં સૌથી નિરપેક્ષ એવી એની અવધિમાં જે પ્રખર અને જ્વલંત ઉલ્લાસ હોય છે તેના વિનાનો જ રહી જાય. જ્ઞાનમાં મહાકાલી વિજયશાલી સામર્થ્ય ઉમેરે છે અને સૌંદર્ય અને સંવાદમાં એક ઉત્તુંગ અને ઊર્ધ્વ ગતિનો વેલ લાવે છે અને પૂર્ણતા પ્રાપ્ત કરવાના મંદ અને દુઃસાધ્ય કાર્યને તે એવો તો વેગ આપે છે જેથી તેની શક્તિમાં અનેકગણો વધારો થઈ જાય છે અને યાત્રાનો માર્ગ ટુંકાય છે. નિરતિશય આનંદની પરાકાષ્ટાઓથી લેશ પણ ઓછું હોય તો એને સંતોષ થતો નથી. એને તો ઉચ્ચમાં ઉચ્ચ શિખરાવલીઓ, ઉદાત્તમાં ઉદાત્ત આદર્શો, વિશાળમાં વિશાળ દષ્ટિફલકો-એનાથી ઓછું હોય તેવું કશું એને તૃપ્ત કરી શકતું નથી. એટલા માટે પ્રભુની વિજયી શક્તિ મહાકાલીમાં વસે છે. અને દિવ્યતાના સર્જનરૂપી મહાન આધ્યાત્મિક કાર્ય ભાવિને બદલે વર્તમાનમાં સિદ્ધ થઈ શકશે-તો તે મહાકાલીનો વેગ, આવેગ અને તેના અગ્નિની કૃપાના બળે જ બનશે.

જ્ઞાન (મા મહેશ્વરી) અને શક્તિ (મા મહા-કાલી) એ બે જ મા ભગવતીના આવિર્ભાવો છે એમ નથી. એનું ત્રીજું સ્વરૂપ પરિસ્ફુટ અને મધુર છે અને સૌંદર્ય સંવાદ અને લયબદ્ધતાનું ગહન રહસ્ય ધારણ કરે છે. એનામાં સંકુલ અને સૂક્ષ્મ સમૃદ્ધિ વસે છે, એમાં અવિરોધ્ય આકર્ષણ અને સંમોહક લાવણ્યની સુષમા રહેલી હોઈ તે અદ્‌ભુત છે. એની પ્રકૃતિમાં બીજું પણ એક વધારે સૂક્ષ્મ ગૂઢ તત્ત્વ રહેલું છે અને તેના વિના જ્ઞાન અને શક્તિ બંને અપૂર્ણ વસ્તુઓ રહે છે. અને તેના વિના પૂર્ણતા પોતે પણ પૂર્ણ થઈ શકે તેમ નથી. જ્ઞાન અને શક્તિથી ઉપર શાશ્વત સૌંદર્યનું ચમત્કારપૂર્ણ રહસ્ય આવી રહેલું છે. એમાં દિવ્ય સંવાદિતાનું અકળ રહસ્ય વસે છે. એમાં અવિરોધ્ય એવી જગદ્‌વ્યાપી મનોહારિતા અને આકર્ષણ કરનારું પ્રબળ સંમોહન છે. એ સંમોહન વડે તે સઘળી વસ્તુઓને અને પ્રાણીઓને પોતાના પ્રત્યે આકર્ષીને તેમને એકઠાં રાખે છે તથા એ સર્વને પરસ્પર મિલન કરવાની અને કે બનવાની

ફરજ પાડે છે. જેથી કરીને એક દિવ્ય આનંદ પડદા પાછળ રહીને લીલા કરી શકે અને એ સર્વેને પોતાના છંદ રૂપ, પોતાની આકૃતિ રૂપ બનાવી શકે. મહાલક્ષ્મીની શક્તિ આ છે. દેહધારી પ્રાણીઓનાં હૃદય જેટલાં મા ભગવતીના આ સ્વરૂપ પ્રત્યે આકર્ષાય છે તેટલાં બીજા કોઈ સ્વરૂપ પ્રત્યે આકર્ષાતાં નથી. પોતાની પાર્થિવ પ્રકૃતિની ક્ષુદ્રતા જોતાં દેહધારી માનવને મહેશ્વરીની સમીપ જતાં તે અતિશય શાંત, અતિ દૂર અતિ અતિ મહાન લાગી શકે છે, પોતાની નિર્બળતા જોતાં એને મહાકાલીનો આવેગ અને પ્રખરતા અસહ્ય લાગે એ સંભવિત છે, પરંતુ મહાલક્ષ્મી પાસે તો સૌ કોઈ આનંદ અને ઉમંગથી જઈ શકે છે. કારણ કે પ્રભુના માદક માધુર્યની મોહિની તે સર્વ ઉપર પાથરે છે. એનાં સાનિધ્યમાં રહેવું એ જ અગાધ સુખમાં મગ્ન થવા બરાબર છે અને એને પોતાના હૃદયમાં અનુભવથી તો જીવન આનંદ અને આશ્ચર્યની અવધિ રૂપ બની જાય છે. સૂર્યમાંથી જેમ પ્રકાશ તેમ લાવણ્ય, માધુર્ય અને કોમળતા મા મહાલક્ષ્મીમાંથી સતત વહે છે. જ્યાં જ્યાં એની અદ્ભુત અનુપમ દૃષ્ટિ તે નાખે છે અથવા તો તેના સ્મિત વરે છે ત્યાં ત્યાં માનવનો આત્મા પરવશ થઈ જાય છે. ઝડપાઈ જાય છે, બંધનમાં પુરાય છે અને અગાધ આનંદના ઊંડાણમાં મગ્ન થઈ જાય છે. એના હસ્તનો સ્પર્શ ચુંબકના જેવો આકર્ષક છે અને એની ગૂઢ અને કોમળ અસર મનને, પ્રાણને તથા શરીરને વિશુદ્ધ અને સુસંસ્કૃત કરે છે અને જ્યાં એ ચરણ માંડે છે ત્યાં મોહક આનંદના અલૌકિક સ્રોતો વહે છે. (ક્રમશઃ)

## (૧૫) ગયેલા આત્માને...

**યશવંતભાઈ પટેલ** -સંપાદક

પૂજ્ય શ્રીમોટાના સ્વજન **યશવંતભાઈ અંબાલાલ પટેલ**નો મણિનગર, અમદાવાદ મુકામે ટૂંકી બીમારી બાદ તા. ૧૩-૧૨-૨૦૧૫ના રોજ ૮૬ વર્ષની વયે દેહાંત થયો છે. સદ્ગતશ્રીને સ્વજનો યશુભાઈ ઊર્ફે બાપુ તરીકે સંબોધતાં હતાં. ગતાત્માના યશકલ્યાણ અર્થે તા. ૨૦-૧૨-૨૦૧૫ને રવિવારે બપોરના નામસ્મરણ અને શ્રદ્ધાંજલિના કાર્યક્રમ બાદ પૂજ્ય શ્રીમોટાને પ્રિય એવા ખીચડી, કઢી, શાકનો પ્રસાદ સ્વજનોએ લીધો હતો.

શ્રી યશુભાઈના જાહેર જીવન અંગે અને મુખ્યત્વે પૂજ્ય શ્રીમોટાની વિચારધારાને કાર્યાન્વિત કરવા માટે તેઓશ્રીની સતત મથામણ અંગે સ્વજનોને જે કંઈ વ્યક્ત કરવું છે તેનો તેમજ હરિઃૐ આશ્રમ, સુરત અને મહાજન શક્તિદળ, રાજપીપળા, અમદાવાદ દ્વારા તેમજ હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ તરફથી જે સંદેશા પ્રાપ્ત થયેલ તેની વિગતો 'હરિભાવ'ના આગામી અંકમાં સમાવવાની ભાવના છે. શ્રી યશુભાઈ સાથે ખાસ કરીને નરોડા-અમદાવાદના અને અન્ય સ્વજનો સાથે જે જે કાર્યને આકાર અપાયો છે તેની વિગતો પણ તેમાં પ્રકાશિત થઈ શકે તો સારું એવી પણ ઈચ્છા છે.

પૂજ્ય શ્રીમોટાના વિશાળ સ્વજન વર્તુળમાંથી જે કોઈને સદ્ગતના ગુણ-ભાવને સ્મરીને શ્રદ્ધાંજલિ લેખિત મોકલવી હોય તો તેઓ હરિવાણી ટ્રસ્ટના સરનામે તુર્તમાં જ મોકલે એવી જાહેર વિનંતી છે.



ભોગ કરવાની ઈચ્છા શું કોઈ દિવસ પૂરી થાય ? સંસારી લોકોની ઈચ્છાઓનો કંઈ અંત છે ? એ લોકોની પાસે કેવળ દુઃખની જ વાતો હોય છે... લોકો તો ફક્ત પૈસા પૈસા જ કરે છે. કોઈ દિવસ ભૂલથી પણ જ્ઞાન કે ભક્તિ માગતા નથી.

- શ્રીમા શારદા દેવી

'શ્રીમા શારદા દેવી'
દ્વિતીય સંસ્કરણ, પૃ. ૧૪૦

HARIBHAV JANUARY - 2016
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



' મેં તો કાર્યની શરૂઆત કરી છે. બીજા લોકો ભલે એને આગળ ધપાવીને પૂરું કરે. એ કાર્ય ચાલતું રહે એ માટે મારે અમુક સમય સુધી પૈસાનો સ્પર્શ કરવો પડ્યો હતો. હવે મને ખાતરી થઈ ગઈ છે કે મારા પૂરતો તો એ કાર્યનો અંત આવી ગયો છે.

મને વેદાંતમાં, જગતની અન્ય કોઈ ફિલસૂફીમાં કે ખુદ મારા કાર્યમાં પણ રસ રહ્યો નથી. ધર્મની દૃષ્ટિએ પણ પૈસાનો ઉપયોગ કરવામાંથી મારો રસ હવે ઊડતો જાય છે. આ દુનિયારૂપી દોજખમાંથી હંમેશને માટે છૂટવા હવે હું તૈયારી કરી રહ્યો છું.'

- સ્વામી વિવેકાનંદ

'સ્વામી વિવેકાનંદ જીવન ચરિત્ર',
પાંચમું સંસ્કરણ, પૃ. ૨૧૧

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com